અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૩૦ | અંક : ૮૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભાવનગરમાં નવો મંત્ર

# ચીપ હોય કે શીપ, આપણે ભારતમાં જ બનાવવા પડશે

## આઝાદી પછી કોંગ્રેસે ભારતની દરેક ક્ષમતાને નજરઅંદાજ કરી, જેના કારણે ૬-૭ દાયકા બાદ પણ ભારત તે સફળતા પ્રાપ્ત કરી શક્યું નથી જેનો તે હકદાર હતો : મોદી

। (એજન્સી) ભાવનગર, તા.૨૦ ।

દેશના વડાપ્રધાન મોદી આજે ભાવનગરની મુલાકાત લીધી હતી. તેમણે આ દરમિયાન રોડ શો પણ યોજ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાવેણાવાસીઓને સંબોધન કર્યું હતું અને ત્યારબાદ ભાવનગરથી લોથલ જવા રવાના થયા હતા. ભાવનગરમાં તેમના સમર્થકો અને ચાહકોની ભીડ ઉમટી હતી. અહીં આયોજિત સમુદ્ર સે સમુદ્ધિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી દેશવાસીઓને એક લાખ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપી હતી. પીએમ મોદીના આગમનના પગલે ભાવનગર શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દઈને જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વડાપ્રધાને જણાવ્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત થવા માટે ભારતનું આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે. તેમણે ચીપ હોય કે શીપ, આપણે ભારતમાં જ બનાવવા પડશે નો નારો આપ્યો અને કહ્યું કે આ જ વિચાર સાથે આજે ભારત મેરિટાઈમ સેક્ટરમાં નેક્સ્ટ જનરેશન રિફોર્મ કરવા જઈ રહ્યું છે. તેમણે એક ઐતિહાસિક



નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે હવે સરકારે મોટા જહાજોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે માન્યતા આપી દીધી છે, જે દેશના મેરિટાઈમ સેક્ટરને મજબૂતી આપશે. પીએમ મોદીએ કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, આઝાદી પછી કોંગ્રેસે ભારતની દરેક ક્ષમતાને નજરઅંદાજ કરી, જેના કારણે ૬-૭ દાયકા બાદ પણ ભારત તે સફળતા પ્રાપ્ત કરી શક્યું નથી જેનો તે હકદાર હતો. તેમણે આ માટે બે મોટા કારણો આપ્યાઃ લાંબા સમય સુધી કોંગ્રેસ સરકારે દેશને લાયસન્સ-કોટા રાજમાં ફસાવી રાખ્યો અને દેશને વૈશ્વિક બજારથી અલગ-થલગ રાખ્યો, જેનાથી યુવાનોને મોટું નુકસાન થયું. વડાપ્રધાને ભાવનગરના લોકોને સંબોધતા કહ્યું કે તેઓ એવા સમયે અહીં આવ્યા છે જ્યારે નવરાત્રિનો પર્વ શરૂ થવા જઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે આ વખતે જીએસટીમાં ઘટાડાને કારણે બજારોમાં વધુ રોનક જોવા મળશે અને આ ઉત્સવના માહોલમાં આપણે સમુદ્રથી સમૃદ્ધિનો મહા-ઉત્સવ મનાવી રહ્યા છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતને જો ૨૦૪૭ સુધીમાં વિકસિત થવું હોય તો તેને આત્મનિર્ભર બનવું પડશે. આત્મનિર્ભર બનવા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. ૧૪૦ કરોડ દેશવાસીઓએ એક સંકલ્પ લેવો જોઈએ કે, ચિપ હોય કે શિપ, આપણે ભારતમાં જ બનાવવી છે. વડાપ્રધાને વધુમાં ઉમેર્યું કે, હવે વ્યાપાર અને કારોબારને વધુ સરળ બનાવવાનો સમય છે. તેમણે કહ્યું કે, તાજેતરના મોનસૂન સત્ર દરમિયાન સંસદમાં અમે અંગ્રેજોના સમયથી ચાલી આવતા ઘણા જૂના કાયદાઓને બદલ્યા છે. મેરીટાઈમ સેક્ટરમાં પણ સુધારા કરવામાં આવ્યા છે. આ નવા કાયદાઓથી શિપિંગ સેક્ટરમાં મોટો બદલાવ આવવાની શક્યતા છે, જે આ ક્ષેત્રને વધુ ગતિ આપશે. ગુજરાતીમાં એક કહેવત છે, ૧૦૦ દુઃખની એક દવા, અને મારા મતે, આ ૧૦૦ દુઃખોની એક જ દવા છે - આત્મનિર્ભર ભારત. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આત્મનિર્ભર બનવા માટે આપણે પડકારોનો સામનો કરવો પડશે અને અન્ય દેશો પરની આપણી નિર્ભરતા સતત ઘટાડવી પડશે.

### યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો

# ભાવનગરમાં પીએમ મોદીનો ભવ્ય રોડ શો, જનતાએ કર્યું જોરદાર સ્વાગત

## રોડ શો એરપોર્ટથી શરૂ થયો હતો, જે લગભગ એક કિલોમીટરનું અંતર કાપતો હતો અને ગાંધી મેદાનમાં સમાપ્ત થયો હતો

। (એજન્સી) ભાવનગર, તા.૨૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પોતાના ગૃહ રાજ્ય ગુજરાતમાં પહોંચ્યા હતા અને ભાવનગરમાં એક વિશાળ રોડ શોનું આયોજન કર્યું હતું. આ રોડ શો એર પોર્ટથી ગાંધી મેદાન સુધી લગભગ એક કિલોમીટર લાંબો રહ્યો હતો, જ્યાં તેમણે એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. બંને બાજુ હજારો લોકો લાઇનમાં ઉભા રહીને તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ. આ દરમિયાન જનતાએ તેમને વધાવી લીધાસ ફૂલો અને તાળીઓથી પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગુજરાતના ભાવનગરમાં રોડ શો યોજ્યો હતો. આ રોડ શો એરપોર્ટથી શરૂ થયો હતો, જે લગભગ એક કિલોમીટરનું અંતર કાપતો હતો અને ગાંધી મેદાનમાં સમાપ્ત થયો હતો, જ્યાં તેમણે એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. માર્ગ



પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, ફૂલો અર્પણ કરતા હતા અને મોદીને હાથ લહેરાવતા હતા. માર્ગ પર સ્ટેજ ગોઠવવામાં આવ્યા હતા, જ્યાં નૃત્ય કલાકારોએ પ્રદર્શન કર્યું હતું. ઓપરેશન સિંદૂરની જીતની ઉજવણી કરતા બેનરો અને GST સુધારા માટે તેમનો આભાર માનતા પોસ્ટરો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાન મોદી લોથલથી રોડ માર્ગે અમદાવાદ પહોંચ્યા

। (એજન્સી) લોથલ, તા.૨૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૨૦ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે છે. ભાવનગરમાં એક કાર્યક્રમમાં ભાગ લીધા બાદ તેઓ લોથલ જવા રવાના થયા હતા. જોકે, ખરાબ હવામાનના કારણે તેમનું હેલિકોપ્ટર લોથલ પહોંચી શક્યું ન હતું. લોથલમાં બનેલા દેશના પ્રથમ દરિયાઈ વારસાના મ્યુઝિયમની મુલાકાત લેવાનો તેમનો કાર્યક્રમ હતો. પરંતુ લોથલમાં હવામાન અચાનક બગડતા અને ભારે વરસાદના કારણે હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં. આથી, હેલિકોપ્ટરને પરત ફરવાની ફરજ પડી હતી. આથી, વડાપ્રધાને લોથલથી અમદાવાદ સુધીનું લગભગ ૧૦૦ કિલોમીટરનું અંતર સડક માર્ગે કાપ્યું હતું. વડાપ્રધાન મોદી લોથલથી રોડ માર્ગે અમદાવાદ આવવાનો નિર્ણય કર્યો. ભાવનગરથી અમદાવાદનું ૧૦૦ કિલોમીટરથી વધુનું અંતર તેમણે કાર દ્વારા કાપ્યું હતું. અમદાવાદ પહોંચ્યા બાદ તેઓ દિલ્હી જવા રવાના થનાર હતા. ભાવનગરમાં વડાપ્રધાને ૨૭,૦૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાપ ર્ણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ સાથે જ, તેમણે ભાવનગરના જવાહર મેદાનમાં એક રોડ શોમાં પણ ભાગ લીધો હતો, જ્યાં ધારાસભ્યો અને મંત્રીઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

### ભારત H-1B વિઝા ધારકોમાં ૭૧% હિસ્સો ધરાવે છે

# ડોનાલ્ડ ટ્રમ્પે H1-B વિઝા નિયમ બદલ્યાં, નવા અરજદારો પાસેથી ૮૮ લાખ રૂપિયા ફી વસૂલાશે

**આ વિઝાનો હેતુ હાઈ સ્કિલ્ડ ધરાવતા વ્યક્તિઓને અમેરિકામાં કામ કરવાની મંજૂરી આપવાનો છે, એવી નોકરીઓ ભરવાનો છે જે અમેરિકન કર્મચારી કરી નથી શકતા**

। (એજન્સી) નવી દિલ્હી તા.૨૦ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે H-1B વિઝા માટેના નિયમોમાં ફેરફાર કર્યો છે. કેટલાક H-1B વિઝા ધારકો હવે નોન-ઈમિગ્રન્ટ વર્કર તરીકે સીધા અમેરિકામાં નહીં પ્રવેશી શકે. દરેક નવી અરજી સાથે ૧૦૦,૦૦૦ ડૉલર એટલે કે ૮૮ લાખ રૂપિયાથી વધુની ફી ચૂકવવાની રહેશે. આ નવી ૧૦૦,૦૦૦ ડૉલરની ફી કંપનીઓ માટે ખર્ચમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. જ્યારે મોટી ટેક કંપનીઓ માટે આ મોટી સમસ્યા નહીં હોય, જે સામાન્ય રીતે ટોચના પ્રોફેશનલ પાછળ ભારે ખર્ચ કરે છે. જોકે આ ફીને કારણે તે નાની ટેક કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ પર દબાણ વધશે. વ્હાઈટ હાઉસના સ્ટાફ સેક્રેટરી વિલ શાર્ફે કહ્યું, "H-




1B નોન-ઈમિગ્રન્ટ વિઝા પ્રોગ્રામ સૌથી વધુ દુરુપયોગ થતી વિઝા સિસ્ટમમાંની એક છે. આ વિઝાનો હેતુ હાઈ સ્કિલ્ડ ધરાવતા વ્યક્તિઓને અમેરિકામાં કામ કરવાની મંજૂરી આપવાનો છે, એવી નોકરીઓ ભરવાનો છે જે અમેરિકન કર્મચારી કરી નથી શકતા. અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે જણાવ્યું હતું કે, "મોટી ટેક કંપનીઓ અથવા અન્ય મોટી કંપનીઓ હવે વિદેશી કામદારોને તાલીમ નહીં આપશે. તેમણે સરકારને ૧૦૦,૦૦૦ ડૉલર ચૂકવવા પડશે અને પછી કર્મચારીને પણ ચૂકવણી કરવી પડશે. જે આર્થિક રીતે નુકસાનકારક સાબિત થશે. જો તમે કોઈને તાલીમ આપવા જઈ રહ્યા છો, તો અમારી મહાન યુનિવર્સિટીઓમાંથી તાજેતરમાં સ્નાતક થયેલા અમેરિકન વિદ્યાર્થીઓને તાલીમ આપો, અમેરિકનોને નોકરી માટે તૈયાર કરો અને અમારી નોકરીઓ છીનવી લેવા માટે બહારના લોકોને લાવવાનું બંધ કરો. આ જ નીતિ છે અને તમામ મોટી કંપનીઓ તેની સાથે છે."લગભગ બે તૃતીયાંશ H-1B વિઝા પોસ્ટ કમ્પ્યુટિંગ અથવા IT ક્ષેત્રમાં છે. પરંતુ એન્જિનિયરો, શિક્ષકો અને આરોગ્ય સંભાળ પ્રોફેશનલ્સ પણ આ વિઝાનો ઉપયોગ કરે છે. સરકારી માહિતી અનુસાર, ગયા વર્ષે ભારત H-1B વિઝાનો સૌથી મોટો લાભાર્થી હતો.

### લોન્ચ પહેલા રેલવે મંત્રીએ આપી ખુશખબર

# સામાન્ય લોકોને પોસાય તે પ્રકારે રખાશે બુલેટ ટ્રેનનું ભાડું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દરરોજ એક નવી સિદ્ધિ તરફ આગળ વધી રહ્યો છે. શનિવારે આ પ્રોજેક્ટની પહેલી સુરક્ષા ટનલનું કામ પૂરુ થઈ ગયું. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ખુદ ધનસોલી અને શિલફાટા વચ્ચે બનેલ આ ૫ કિલોમીટર લાંબી ટનલનું બ્રેકથ્રૂ બ્લાસ્ટ કર્યો. આ તકે તેમણે સ્પષ્ટ કહ્યુ કે બુલેટ ટ્રેનનું ભાડું સામાન્ય વ્યક્તિના ખિસ્સાને ધ્યાનમાં રાખી નક્કી કરવામાં આવશે, જેથી આ ટ્રેન માત્ર ધનવાનો સુધી સીમિત ન રહે, પરંતુ દરેક વર્ગ તેનો લાભ ઉઠાવી શકે. ભારતના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં મુંબઈમાં સમુદ્રની નીચે ૨૧ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવી રહી છે. અત્યાર સુધી તેનો પ્રથમ ૫ કિલોમીટરનો ભાગ તૈયાર થઈ ગયો છે, જે સુરક્ષા અને રેસ્ક્યુ ટનલ તરીકે કામ કરશે. આ કોઈ ઈમરજન્સી સ્થિતિમાં યાત્રિકોની સુરક્ષાની ખાતરી કરશે. આ પ્રોજેક્ટ ન માત્ર ભારત માટે તકનીકી દ્રષ્ટિએ મોટી છલાંબ છે પરંતુ દુનિયાના કેટલાક ગણતરીના દેશોની શ્રેણીમાં સામેલ કરશે, જેની પાસે અંડરસી હાઈસ્પીડ ટનલ છે. આ ટનલ નવી ઑસ્ટ્રિયન ટનલીંગ પદ્ધતિ (NATM) નો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી. આ એક આધુનિક અને સલામત તકનીક છે જેનો ઉપયોગ મુશ્કેલ ભૂપ્રદેશ અને ખડકોની રચનામાં ટનલ બનાવવા માટે થાય છે. તે જાપાન અને યુરોપ જેવા દેશોમાં પહેલાથી જ ઉપયોગમાં છે, અને હવે ભારતે આ તકનીકને સફળતા પૂર્વક અપનાવી છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે રૂ.૧.૦૮ લાખ કરોડ છે. આ કોરિડોર પર બાર સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. આમાંથી, મુંબઈનું બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) સ્ટેશન એકમાત્ર ભૂગર્ભ સ્ટેશન હશે. બાકીના બધા સ્ટેશનો એલિવેટેડ અથવા સામાન્ય જમીન પર હશે.

# સાઉદી અરબને પરમાણુ સક્ષમ બનાવશે પાકિસ્તાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ જાહેરાત કરી છે કે જો જરૂર પડશે તો તેમનો પરમાણુ કાર્યક્રમ સાઉદી અરબને ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાકિસ્તાન અને સાઉદી અરબ વચ્ચે થયેલા નવા સંરક્ષણ કરાર હેઠળ આ વાત કહેવામાં આવી છે. ઈસ્લામાબાદે પહેલીવાર સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે તેણે પોતાની પરમાણુ ક્ષમતાઓ સાઉદી અરબ સુધી લંબાવી છે.પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા મોહમ્મદ આસિફે ગુરુવારે મોડી રાત્રે એક નિવેદન આપ્યું હતું. આ નિવેદન આ સપ્તાહે પાકિસ્તાન અને સાઉદી અરબ વચ્ચે થયેલા સંરક્ષણ કરારના મહત્ત્વને દર્શાવે છે. નોંધનીય છે કે, બંને દેશો વચ્ચે ઘણા દાયકાઓથી મજબૂત સૈન્ય સંબંધો રહ્યા છે. વિશ્લેષકો માને છે કે આ પગલું ઈઝરાયલને સ્પષ્ટ સંદેશ આપવા માટે ભરવામાં આવ્યું છે. ઈઝરાયલને ઘણા સમયથી મધ્યપૂર્વનો એકમાત્ર એવો દેશ ગણવામાં આવે છે જેની પાસે પરમાણુ હથિયારો છે. આ નિવેદન એવા સમયે આવ્યું જ્યારે ગયા અઠવાડિયે ઈઝરાયલે કતારમાં હમાસના નેતાઓ પર હુમલો કર્યો હતો, જેમાં છ લોકોના મોત થયા હતા. આ ઘટના પછી, ખાડીના અરબ દેશોમાં પોતાની સુરક્ષા વિશે નવી ચિંતાઓ ઊભી થઈ છે. આ બધાની વચ્ચે ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધે સમગ્ર પ્રદેશમાં અસ્થિરતા વધારી દીધી છે.પાકિસ્તાની ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આસિફને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'શું પાકિસ્તાનને પરમાણુ હથિયારોથી મળતી તાકાત અને ડરાવવાની ક્ષમતા સાઉદી અરબને પણ મળશે? તેના પર આસિફે જવાબ આપ્યો, "હું પાકિસ્તાનની પરમાણુ ક્ષમતા વિશે એક વાત સ્પષ્ટ કરી દઉં. આ ક્ષમતા અમે ઘણા સમય પહેલા જ મેળવી લીધી હતી, જ્યારે અમે પરીક્ષણો કર્યા હતા. ત્યારથી અમારી સેનાઓ યુદ્ધના મેદાન માટે પ્રશિક્ષિત છે.'ખ્વાજા આસિફે વધુમાં કહ્યું કે, 'જે અમારી પાસે છે અને જે ક્ષમતાઓ અમે બનાવી છે, તે (સાઉદી અરબ)ને આ કરાર હેઠળ ઉપલબ્ધ કરાવાશે.'

# ૪૫૦ કિલોનો ૧૦૦ વર્ષ જૂનો જીવીત બોમ્બ મળતા હડકંપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

લગભગ ૧૦૦ વર્ષ જૂનો બીજા વિશ્વયુદ્ધના સમયનો જીવીત બોમ્બ મળી આવ્યા બાદ હોંગકોંગમાં ભયનો માહોલ ફેલાયો હતો. બાંધકામ સાઈટ પરથી આ વિશાળ બોમ્બ મળી આવ્યો હતો. જેની જાણકારી અધિકારીઓને મળતાં તેમણે તાત્કાલિક વિસ્તારને વિસ્તાર ખાલી કરાવ્યો. બોમ્બને કારણે સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો હતો. આશરે ૬,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અહેવાલ અનુસાર આ બોમ્બનું વજન આશરે ૪૫૦ કિલો છે અને તે ૧.૫ મીટર લાંબો છે. પોલીસનું કહેવું છે કે બોમ્બ અત્યંત ખતરનાક છે અને તેને ડિસ્પોઝ કરતી વખતે વિસ્ફોટ થવાની આશંકાઓ છે. એટલા માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે લોકોને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા હતા.

# સુદાનમાં મસ્જિદ પર અર્ધ સૈન્ય દળ દ્વારા મોટો હુમલો, ૪૩ લોકોનાં મોત

। (એજન્સી) ખાર્તૂમ, તા.૨૦ ।

આફ્રિકન દેશ સુદાનમાં અર્ધ સૈન્ય દળ દ્વારા મસ્જિદ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ૪૩ લોકો માર્યા ગયા હતા. આ માહિતી સ્થાનિક ગ્રુપ સુદાન ડોક્ટર્સ નેટવર્ક દ્વારા આપવામાં આવી હતી. શુક્રવારે જાહેર એક નિવેદનમાં સંગઠને દાવો કર્યો હતો કે જે પણ લોકો માર્યા ગયા છે તેઓ મુસ્લિમ નમાઝીઓ છે, જેમાં બાળકો અને વૃદ્ધોનો પણ સમાવેશ થાય છે. સુદાન ડોક્ટર્સ નેટવર્ક દ્વારા જારી એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે સુદાનના રેપિડ સપોર્ટ ફોર્સ દ્વારા ડ્રોન સ્ટ્રાઈક કરવામાં આવી હતી. હથિયારધારી સરકારી અર્ધ સૈન્ય દળ દ્વારા સામાન્ય નાગરિકો પર ડ્રોન સ્ટ્રાઈક કરવી તેમની માનવતા, ધર્મ પ્રત્યે આદર ભાવ અને આંતરરાષ્ટ્રીય કાયદા પ્રત્યેની અવગણના દર્શાવે છે. સુદાનમાં આર્મી અને અર્ધ સૈન્ય દળ રેપિડ સપોર્ટ ફોર્સ બન્ને વચ્ચે છેલ્લા કેટલાક સપ્તાહથી ઘર્ષણ ચાલી રહ્યું છે. આર્મી અને આરએસએફ વચ્ચે એપ્રીલ ૨૦૨૩થી ઘર્ષણ ચાલી રહ્યું છે. જે બાદમાં ગૃહ યુદ્ધમાં ફેરવાઈ ગયું હતું અને તે જ વર્ષે આશરે કુલ ૪૦ હજાર લોકોનો ભોગ લીધો હતો. જ્યારે અત્યાર સુધીમાં ૧,૫૦,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હોવાનો દાવો સંયુક્ત રાષ્ટ્રએ કર્યો છે. મોટાભાગે દારફુર પ્રાંતમાં જ અર્ધ સૈન્ય દળ અને આર્મી વચ્ચે સામસામે હુમલા થઈ રહ્યા છે. દેશના જ બન્ને સુરક્ષદળો વચ્ચે ચાલી રહેલા આ ગૃહ યુદ્ધમાં અનેક લોકો માર્યા ગયા છે. જ્યારે તાજેતરમાં થયેલા હુમલાને પગલે લોકોમાં ભયનો માહોલ છે કેમ કે અર્ધ સૈન્ય દળ દ્વારા રહેણાંકના વિસ્તારોમાં આ ડ્રોન હુમલા કરવામાં આવી રહ્યા છે.

# ભારતમાં ન્યુક્લિયર પાવર પ્લાન્ટ્સ સ્થાપવામાં મદદની રશિયાની ઓફર

। (એજન્સી) મોસ્કો, તા.૨૦ ।

રશિયાએ ભારતમાં નાના અને મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ્સ સ્થાનિક ધોરણ સ્થાપિત કરવામાં સહયોગની ઓફર કરી છે. બંને દેશો વચ્ચે નાગરિક પરમાણુ ઉર્જા સહયોગના ભાગરૂપે રશિયાએ આ ઓફર કરી છે. રશિયા હાલમાં તમિલનાડુમાં કુડનકુલમ પરમાણુ વીજ પ્લાન્ટનું નિર્માણ કરી રહ્યું છે.વિયેનામાંમાં યોજાઈ રહેલી આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીની જનરલ કોન્ફરન્સ દરમિયાન ભારતીય પ્રતિનિધિમંડળ સાથેની બેઠકમાં રશિયાની સરકારી માલિકીની એટોમિક એનર્જી કંપની રોસાટોમના ડાયરેક્ટર જનરલ એલેક્સી લિખાચોવે આ ઓફર કરી હતી. રોસાટોમે જણાવ્યુ હતું કે ભારત રોસાટોમનું એક મહત્ત્વનું ભાગીદાર છે અને ભારત સાથેની વાતચીત શાંતિપૂર્ણ પરમાણુ ઊર્જામાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી. આ સહયોગમાં રશિયાએ ડિઝાઈન કરેલા મોટા અને નાના પ્લાન્ટની નિર્માણનો સમાવેશ થાય છે. કુડનકુલમ એનપીપીના પ્રથમ તબક્કામાં રોસાટોમે બે યુનિટ કાર્યરત કરી દીધા છે. રોસાટોમે જણાવ્યુ હતું કે ભારત રોસાટોમનું એક મહત્ત્વનું ભાગીદાર છે અને ભારત સાથેની વાતચીત શાંતિ પૂર્ણ પરમાણુ ઊર્જામાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી. આ સહયોગમાં રશિયાએ ડિઝાઈન કરેલા મોટા અને નાના પ્લાન્ટની નિર્માણનો સમાવેશ થાય છે. કુડનકુલમ એનપીપીના પ્રથમ તબક્કામાં રોસાટોમે બે યુનિટ કાર્યરત કરી દીધા છે.

## ભુજના દિનારા ગામની ઘટના, સાળી પર કુહાડીનો ઘા કરનાર બનેવીને સાત વર્ષની જેલ

। (એજન્સી) ભુજ, તા.૨૦ ।

કચ્છના ભુજમાં સાળી પર જીવલેણ હુમલો કરનાર બનેવીને સાત વર્ષની સજા અને દંડ ફટકારવામાં આવ્યો. દિનારા ગામમાં બનેલી આ ઘટનામાં પીડિતાએ પોતાની આંખોની દ્રષ્ટિ ગુમાવી હતી. ભુજ તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા દિનારા ગામમાં વર્ષ ૨૦૨૧માં સાળીના હત્યા કરવાનો બનેવીએ પ્રયાસ કર્યો હતો.સાળી તેની બહેનને પોતાના વિરુદ્ધ ઉશ્કેરતી હોવાની શંકામાં સાળીના માથા ઉપર કુહાડીનો ઘા મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતા. જેથી મામદ અમીન સમા નામના વ્યક્તિની કોર્ટે હત્યાના પ્રયાસના ગુનામાં ચાર વર્ષ બાદ ચુકાદો આપ્યો છે અને આરોપીને સાત વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા પાંચ હજારનો દંડ ફટકાર્યો છે.કેસની વાત કરવામાં આવે તો, ઓગસ્ટ ૨૦૨૧માં આરોપી મામદની પત્ની હવાબાઈ રિસામણે તેના પીયર ચાલી ગઈ હતી અને પત્નીએ ફેમિલી કોર્ટ-ભુજમાં ભરણ-પોષણ મેળવવા આરોપી સામે કેસ દાખલ કર્યો હતો.

## એરપોર્ટ પર 'મારીજુઆના' સાથે ઝડપાયેલા આરોપીની જામીન રદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ એરપોર્ટ પર પ્રતિબંધિત મારીજુઆના (ગાંજા) સાથે ઝડપાયેલા મહારાષ્ટ્રના યુવકની જામીન અરજી એડિશનલ સેશન્સ જજ વી.બી. રાજપૂતે ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું હતું કે, અરજદારે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરવા અંગેની હકીકત આ કોર્ટ સમક્ષ જાહેર કરી નથી. આમ આરોપી અરજદાર સ્વચ્છ હાથે આવ્યો ન હતો અને આ કોર્ટ સમક્ષ મહત્ત્વપૂર્ણ હકીકત છુપાવી છે. આ મામલે તપાસ ચાલી રહી છે, ત્યારે આવા ગંભીર પ્રકારના કેસમાં આરોપીને જમીન પર મુક્ત કરી શકાય નહીં. ૧૨ જુલાઈએ બેંગકોક મલેશિયા એરની ફ્લાઈટ આવી હતી. જેમાં મહારાષ્ટ્રનો ધનંજય જગદીશ વિશ્વકર્મા આવ્યો હતો. તેના પર કસ્ટમ્સ વિભાગને શંકા ગઈ હતી. જેથી તપાસ કરતા તેની બેગમાં જુદા જુદા ૧૨ પેકેટમાં પ્રતિબંધિત મારીજુઆનાના પેકેટ મળ્યા હતા. જેનું વજન ૬૬૦૯ ગ્રામ હતું.

## સુરતની લાજપોર સેન્ટ્રલ જેલ ફરી વિવાદમાં સપડાઈ, ૪૨ વર્ષીય કેદીએ કરી આત્મહત્યા

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતની લાજપોર સેન્ટ્રલ જેલ મોટાભાગે વિવાદોમાં આવતી રહે છે. ફરી એકવાર આ જેલ વિવાદમાં સપડાઈ છે. લોજપોર સેન્ટ્રલ જેલામાં હત્યાના આરોપમાં ૪૨ વર્ષીય હેમંત ઉર્ફે ડૈની પાંનચંદ્ર મંગરોલિયા સજા ભોજવી રહ્યો હતા. આ કેદીએ ગત ૧૭ સિપ્ટેમ્બરની રાત્રે હાઈ સુરક્ષાવાળા યાર્ડ નંબર ૪૨ માં આત્મહત્યા કરી લીધી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આખરે શા કારણે તેને આત્મહત્યા કરી? આ દરમિયાન જેલ પોલીસ શું કરી રહી હતી તે પણ એક સવાલ છે.વિગતે વાત કરવામાં આવે તો, ૨૦૧૭ માં સુરતના કતારગામ પોલીસ સ્ટેશન દ્વારા હત્યાના કેસમાં હેમંતની ધરપકડ કરવામાં આવી હતી. તે ૨૦૧૭થી સુરતના આ લાજપોર સેન્ટ્રલ જેલમાં સજા ભાગવી રહ્યો હતો. થોડા સમય પહેલા જ તેને ઉચ્ચ સુરક્ષાવાળા યાર્ડ નંબર ૪૨ માં રાખવામાં આવ્યો છે. અહીં મોટા ભાગે જેલ પોલીસ હાજર હોય છે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### બે પાણીપુરી ઓછી મળતાં મહિલાએ પોલીસને બોલાવી હતી અને પાણીપુરીવાળાની લારી હટાવડાવી હતી

# બે પાણીપુરી ઓછી મળતા રસ્તા પર બેસી ગઈ મહિલા, વડોદરામાં વિચિત્ર કિસ્સો સામે આવ્યો

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરા શહેરમાં એક મહિલાએ રસ્તા પર બેસીને હાઈવોલ્ટેજ ડ્રામા સર્જ્યો હતો. લારીવાળાએ બે પાણીપૂરી ઓછી આપતાં મહિલા રોડ વચ્ચે બેસી ગઈ હતી, પોલીસને કહી લારી હટાવડાવીને કહ્યુંઃ સાહેબ, ફરી ઊભો રહેશે તો મજા નહીં આવે. વડોદરાના સુરસાગર તળાવ સામે પાણીપુરીની લારી પર એક મહિલાએ ભારે વિવાદ જગાવ્યો હતો. મહિલાને બે પાણીપુરી ઓછી મળતાં રોડ પર બેસી વિરોધ કર્યો હતો. મહિલાએ પોલીસને બોલાવી હતી અને પાણી પુરીવાળાની લારી હટાવડાવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુરુવારના રોજ મચ્છીપીઠ વિસ્તારમાં રહેતી એક મહિલા સૂરસાગર તળાવ પાસે પાણી પુરીની લારી પર પાણીપુરી ખાવા આવી હતી. આ મહિલા બે દિવસથી પાણીપુરી ખાવા આવતી હતી. ગુરુવારે સાંજે ૫ વાગ્યાના સુમારે મહિલા પાણી પુરી ખાવા આવી હતી. આ મહિલાએ ગુરુવારે ૨૦ રૂપિયાની પાણીપુરી ખાધી હતી. પાણી પુરી ખાધા બાદ મહિલાએ લારીવાળાને કહ્યુ કે, તેં મને બે પાણીપુરી ઓછી આપી હતી. આ વાત પર પાણીપુરીવાળાએ મહિલાને બે પાણીપુરી આપી હતી. પરંતુ છતા મહિલા માની ન હતી, અને તેણે ઝગડો કર્યો હતો. આ બાદ મહિલા પાણીપુરી માટે હઠ પકડીને રસ્તા પર બેસી ગઈ હતી. મહિલાને રસ્તા પર બેસેલી જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ વાત પર મહિલાએ પોલીસ બેલાવી હતી અને પોલીસને ફરિયાદ કરી હતી કે, પાણીપુરીની લારી હટાવી દેવામાં આવે. મહિલા જીદે ચઢી હતી, અને પોલીસની વાત પણ માનવા તૈયાર ન હતી. બે પાણીપુરી માટે હઠ પકડેલી મહિલાને રોડ પર બેઠેલી જોઈ લોકોમાં રમૂજ સર્જાયું હતું. મહિલાની આ જીદને લઈને તે રસ્તા પર મજાકનું કેન્દ્ર બની હતી. આખરે, પોલીસે સમજાવીને લારી હટાવડાવી હતી, મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે, તમે અત્યારે તો લારી હટાવડાવી દીધી છે. પણ જો બે કલાક બાદ લારી ફરી ત્યા હશે તો મજા નહીં આવે. જેથી પોલીસ સ્ટાફ ફરીવાર સ્થળ પર ગયો હતો. ત્યા પાણીપૂરી વિતરકે ફરીવાર તેની લારી ત્યા લગાવી દીધી હતી. જેથી પોલીસે તેને સમજાવ્યો હતો કે, આજનો દિવસ તું લારી ના લગાવ. જેથી વિતરકે પણ પોતાની લારી ત્યાંથી હટાવી દીધી હતી. જેથી ફરીથી આ પ્રકારની ઘટના ન બને. જેથી પોલીસ સ્ટાફ ફરીવાર સ્થળ પર ગયો હતો. ત્યા પાણીપૂરી વિતરકે ફરીવાર તેની લારી ત્યા લગાવી દીધી હતી. જેથી પોલીસે તેને સમજાવ્યો હતો કે, આજનો દિવસ તું લારી ના લગાવ. જેથી વિતરકે પણ પોતાની લારી ત્યાંથી હટાવી દીધી હતી. જેથી ફરીથી આ પ્રકારની ઘટના ન બને.

## વિશાલા સર્કલ પાસે દારૂના નશામાં ચૂર પોલીસકર્મીની કારે રિક્ષાને ટક્કર મારી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

વિશાલા સર્કલ નજીક ગઈ મોડી રાતે કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત થયો હતો. કારચાલકે પૂરઝડપે આવીને રિક્ષાને ટક્કર મારતા રિક્ષા પલટી જતા રિક્ષાચાલક ઘાયલ થયો હતો. તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ લોકોનું ટોળું ભેગું થતાં કાર ચાલકને ઝડપીને પોલીસને સોંપવામાં આવ્યો હતો. કારચાલક પોલીસકર્મી હોવાનું જણાયું છે. કારચાલક પણ નશાની હાલતમાં હતો. કારમાંથી બીયરની બોટલ પણ મળી આવી હતી. આ મામલે એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.વિશાલા સર્કલ પાસે સિટીગેટ બિલ્ડિંગની સામે બરફની ફેક્ટરી નજીક એક કારચાલકે પૂર ઝડપે આવીને રિક્ષાચાલકને ટક્કર મારી હતી જેથી રિક્ષા પલટી ખાઈને પડી ગઈ હતી. રિક્ષાચાલક ઈજાગ્રસ્ત થઈને બેભાન થઈ ગયા હતા. આસપાસના લોકોએ ભેગા થઈને રિક્ષાચાલકને ૧૦૮ દ્વારા સારવાર માટે સિવિલ હોસ્પિટલ મોકલ્યો હતો.

### બે વર્ષ સુધી કર્યો બળાત્કાર, ૧૪ લાખ પડાવ્યા

# ઠંડાઈમાં ભાંગ મિક્સ કરી પીવડાવી, બેભાન થઈ તો અશ્લીલ વીડિયો બનાવ્યો

### આરોપીએ વીડિયો પણ બનાવી લીધો અને બાદમાં વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મહિલાનું બે વર્ષ સુધી શારીરિક શોષણ કર્યું

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

ગુજરાતના સુરતમાં એક પરિણીત મહિલા સાથે મિત્રતા કરી તેને બ્લેકમેલ કરવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. મામલામાં આરોપીએ મહિલાને હોળીના દિવસે ઠંડાઈમાં ભાંગ મિક્સ કરી પીવળાવી દીધી. મહિલા બેભાન થઈ તો તેની સાથે દુષ્કર્મ કર્યું. આ દરમિયાન આરોપીએ વીડિયો પણ બનાવી લીધો અને બાદમાં વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મહિલાનું બે વર્ષ સુધી શારીરિક શોષણ કર્યું હતું. આ મામલો સુરતના ડિંડોલીનો છે. એક પરિણીત મહિલાએ લગભગ અઢી વર્ષ પહેલા ડિંડોલીના માધવ રેસિડેન્સીમાં રહેતા પ્રવીણ રણજીતભાઈ પવાર સાથે મિત્રતા કરી હતી. ત્યારબાદ, હોળીના તહેવાર દરમિયાન, આરોપીએ તેણીને ઠંડુ પીણું આપ્યું. તેના પર વિશ્વાસ કરીને, તેણીએ ઠંડાઈ પીધી હતી. આરોપીએ ઠંડાઈમાં ભાંગ મિક્સ કરી હતી, જેના કારણે મહિલા બેભાન થઈ ગઈ. ત્યારબાદ આરોપીએ બેભાન પડેલી મહિલા સાથે દુષ્કર્મ કર્યું અને તેનો અશ્લીલ વીડિયો બનાવી લીધો હતો. બાદમાં આરોપી મહિલાને વીડિયો વાયરલ કરવાની ધમકી આપવા લાગ્યો અને તેને બ્લેકમેલ કરવા લાગ્યો. આરોપીએ મહિલાનું બે વર્ષ સુધી શારીરિક શોષણ કર્યું. ત્યારબાદ તેણે મહિલા પાસેથી ૧૪ લાખ રૂપિયા પડાવી લીધા હતા, જેમાં ૩.૭૦ લાખ રૂપિયા રોકડા અને ૧૦.૩૦ લાખ રૂપિયાના ઘરેણાં સામેલ છે. આ બ્લેકમેલિંગ દરમિયાન આરોપી મહિલાને વેસૂ, અલથાણની હોટલ્સ અને દમણ લઈ જઈ શારીરિક સંબંધ બાંધતો રહ્યો હતો. આખરે, આરોપીના બ્લેકમેઈલિંગથી કંટાળી ગયેલી મહિલાએ તેના પતિને સત્ય જણાવ્યું. આ બાબતની જાણ થતાં પતિ ચોંકી ગયો. ત્યારબાદ મહિલાએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, જ્યાં પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

## વડોદરા કોર્પોરેશનમાંથી મહત્વની ૧૫૦ ફાઈલો ગુમ થઈ

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરા કોર્પોરેશનમાંથી મહત્વની ૧૫૦ ફાઈલો ગુમ થતાં હડકંપ મચી જવા પામ્યો છે. જેમાં આતાપી વન્ડરલેન્ડ થીમ પાર્કની ફાઈલ પણ ગુમ થઈ છે. મ્યુનિ કમિશનરના બંગલા પાસે આવેલી કેમ્પ ઓફિસથી ફાઈલ ગુમ થતાં આશ્ચર્ય સર્જાયું છે. મુખ્યમંત્રીને RTI એક્ટિવિસ્ટે ફરિયાદ કરતાં પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગે ફાઈલ ગુમ થયાનો જવાબ માંગ્યો છે. આતાપી વન્ડરલેન્ડ થીમ પાર્કનો પ્રોજેક્ટ હાલમાં વિવાદમાં છે. પ્રોજેક્ટના વિવાદ વચ્ચે ફાઈલ ગુમ થતા મોટા કૌભાંડની આશંકા સેવાઈ રહી છે. મહત્વની ફાઈલ ગુમ કરીને કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવાનો કારસો રચાયો હોવાની આશંકા છે. આટલા મોટા પ્રોજેક્ટની ફાઈલ ગુમ થવા છતાં હજી સુધી પોલીસ ફરિયાદ પણ નથી કરી. શું આ ફાઈલ માટે કમિશનર અરુણ મહેશ બાબુ પોલીસ ફરિયાદ દાખલ કરાવશે તેવો સવાલ સામાજિક કાર્યકર પૂછી રહ્યા છે. તો આ મામલે પાલિકાના વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે કહ્યું કે, કોઈ જવાબ આપવા ના પડે, ભ્રષ્ટાચાર ખુલ્લો ના પડે તે માટે ફાઈલ ગુમ કરી દેવાઈ, આતાપીની જગ્યા કોર્પોરેશને માત્ર ૨૫ લાખ રૂપિયામાં આપી દીધી, આ જગ્યા મૂળ આતાપીને નથી આપી, આ જગ્યા તો સરકારના વિભાગને આપી છે. મહત્વની વાત છે કે જે કેમ્પ ઓફિસમાંથી એક કાગળ પણ ગાયબ ના થઈ શકે ત્યાં આખેઆખી ફાઈલ કેવી રીતે ગુમ થઈ ગઈ તે અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે. મનપા ઓફિસથી ફાઈલ ગુમ થવાનો મામલે પાલિકાના મ્યુનિ કમિશનર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું કે, ફાઈલ ગુમ થવા મામલે મને જાણ થઈ છે. ફાઈલ મારા સમયમાં ગુમ નથી થઈ. હું પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગ પાસેથી જવાબ માંગીશ. ફાઈલ ગુમની તપાસ સોંપવામાં આવશે. જરૂર પડશે તો આ મામલે પોલીસ ફરિયાદ પણ દાખલ કરાશે. આટલા મોટા પ્રોજેક્ટની ફાઈલ ગુમ થવા છતાં હજી પોલીસ ફરિયાદ કરાઈ નથી. શું આ ફાઈલ માટે કમિશનર અરુણ મહેશ બાબુ પોલીસ ફરિયાદ દાખલ કરાવશે? મનપા ઓફિસથી ફાઈલ ગુમ થવાનો મામલે પાલિકાના મ્યુનિ કમિશનર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું કે, ફાઈલ ગુમ થવા મામલે મને જાણ થઈ છે. ફાઈલ મારા સમયમાં ગુમ નથી થઈ. હું પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગ પાસેથી જવાબ માંગીશ. ફાઈલ ગુમની તપાસ સોંપવામાં આવશે. જરૂર પડશે તો આ મામલે પોલીસ ફરિયાદ પણ દાખલ કરાશે. આટલા મોટા પ્રોજેક્ટની ફાઈલ ગુમ થવા છતાં હજી પોલીસ ફરિયાદ કરાઈ નથી. શું આ ફાઈલ માટે કમિશનર અરુણ મહેશ બાબુ પોલીસ ફરિયાદ દાખલ કરાવશે?

### સ્ટોર પર આવી ચઢેલા બુકાનીધારીએ કિરણબેનને ગોળીથી વીંઝી નાંખ્યા : ૨૩ વર્ષથી પરિવાર સાથે સ્થાયી થયા હતા

# પાટીદાર પરિવારની મહિલાની અમેરિકામાં હત્યા કરવામાં આવી, સ્ટોરમાં આવીને બુકાનીધારીઓએ ગોળી મારી

। આણંદ, તા.૨૦ ।

ગુજરાતીઓને ડોલર કમાવીને આપતી અમેરિકાની ધરતી હવે જીવલેણ બની રહી છે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકામાં ભારતીયોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યાં છે. ત્યારે વધુ એક ગુજરાતીએ અમેરિકામાં જીવ ગુમાવ્યો છે. આણંદની પાટીદાર મહિલાની અમેરિકાના સ્ટોરમાં હત્યા કરવામાં આવી છે. બોરસદના સિંગલાવ ગામની મહિલાની અમેરિકામાં હત્યા કરવામાં આવી છે. અમેરિકા વેસ્ટ સાઉથ ખાતેના સ્ટોર ખાતે આ ઘટના બની હતી. જેમાં કિરણબેન પટેલ નામની મહિલાની હત્યા કરવામાં આવી છે. સ્ટોર પર આવી ચઢેલા બુકાનીધારીએ કિરણબેનને ગોળીથી વીંઝી નાંખ્યા હતા. કિરણબેન પટેલ છેલ્લાં ૨૩ વર્ષથી પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયા હતા. કિરનબેનના લગ્ન પેટલાદ તાલુકાના આશી ગામે થયા હતા. લગ્ન બાદ તેઓ અમેરિકા સ્થાયી થયા હતા. સાઉથ કેરોલીના યુનિયન કાઉન્ટીમાં ગેસ સ્ટેશન કમ સ્ટોર પર આ ઘટના બની હતી. ૧૬ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૧૦ વાગે કિરણબેન સ્ટોર પર કામ કરી રહ્યા હતા, ત્યારે કારમાં આવેલા બુકાનીધારીએ તેમને બંદૂક બતાવી હતી. જેના બાદ કિરણબેન જીવ બચાવવા સ્ટોરની બહાર ભાગ્યા હતા. પરંતુ બુકાનીધારી લૂંટારાએ પીછો કરી ત્રણથી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું, જેમાં કિરણબેનનું ગોળી લાગતા મોત નિપજ્યું છે. આ ઘટનાથી મહેસાણમાં રહેતા તેમના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તો અમેરિકામાં વસતા ગુજરાતીઓમાં ફરી એકવાર ફફડાટ ફેલાયો છે. વિદેશની ધરતી ગુજરાતીઓ માટે સલામત રહી નથી. છતાં ગુજરાતીઓનો વિદેશ જવાનો મોહ ઘટતો નથી. વિદેશમાં વધુ એક ગુજરાતીને નિર્દતાથી મોતને ઘાટ ઉતાર્યાની ઘટના બની છે. તેમાં પણ અમેરિકાની ધરતી તો પહેલાથી જ ગુજરાતીઓ માટે અસલામત રહી છે.

### પોપટ સોરઠીયા હત્યા કેસ

## અનિરુદ્ધસિંહ જાડેજાએ ગોંડલ કોર્ટમાં કર્યું સરેન્ડર

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજા આજે ગોંડલ કોર્ટમાં સરેન્ડર કર્યું છે. ગઈકાલે સરેન્ડર થવાના અંતિમ દિવસે રાહત આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા આજે સાંજ સુધીમાં હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો હતો. અનિરુદ્ધસિંહ જાડેજા સામેથી જ ગોંડલ કોર્ટની અંદર હાજર થયા છે. ગઈકાલે અનિરુદ્ધસિંહને સાત દિવસનો સ્ટે મળ્યો હતો જે આજે રદ થતા સામેથી કોર્ટમાં હાજર થયા છે. પૂર્વ ધારાસભ્ય પોપટ લાખા સોરઠીયા હત્યા કેસમાં સામેથી હાજર થયા છે. રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાએ આત્મસમર્પણ કર્યું છે. ગોંડલ કોર્ટમાં આત્મસમર્પણ કર્યું છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આજે ૮ વાગ્યા સુધીમાં હાજર થવા ફરમાન કર્યું હતું. ગઈકાલે ૭ દિવસની મુદત આપ્યા બાદ વાંધા અરજી રજૂ થતાં આજે રજૂ થવાનો આદેશ કરાયો હતો. સુપ્રીમ કોર્ટે તેમને આપેલા સાત દિવસના સ્ટે ઓર્ડરને પરત ખેંચી લીધો છે.

**વિશેષ**

### ધોળકા, દસક્રોઇ, સાણંદ, બાવળા, વિરમગામ, માંડલ, દેત્રોજ, ધંધુકા અને ધોલેરા તાલુકામાં ડામર પેચ વર્કનું કામ પૂરજોશમાં

# અમદાવાદ જિલ્લામાં યુધ્ધના ધોરણે રોડપેચ વર્કની કામગીરી








। (માહિતી) ગાંધીનગર ।

અમદાવાદ જિલ્લામાં ચોમાસાના વિરામ બાદ, માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા રસ્તાઓના સમારકામ અને નવીનીકરણની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. આ પહેલનો મુખ્ય હેતુ વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને ઝડપથી સમારકામ કરીને નાગરિકો માટે સુગમ અને સુરક્ષિત વાહનવ્યવહાર સુનિશ્ચિત કરવાનો છે. હાલમાં ધોળકા, દસક્રોઈ, સાણંદ, બાવળા, વિરમગામ, માંડલ, દેત્રોજ, ધંધુકા અને ધોલેરા તાલુકામાં ડામર પેચ વર્કનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ઓડકી એપ્રોચ રોડ, કોકતા-નદીયાણા-જોષીપુરા રોડ, લિયા-કરકથલ રોડ, માંડલ-દાલોદ (O.D.R.), કમોડ-પીરાણા (O.D.R.), પીરાણા-નાઝ-જેતલપુર (M.D.R.) માર્ગો પર મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને, ક્ષતિ પામેલા ભાગો પર હોટ મિક્સ, રોલર અને પેવર દ્વારા પેચવર્ક અને માર્ગ મરામતની કામગીરી કરવામાં આવી છે. હાલમાં, ધંધુકા વિધાનસભા મતવિસ્તારમાં આવેલ ધોલેરા-રાહતળાવ રોડનું કામ પણ પ્રગતિમાં છે.

આ ઉપરાંત, માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા એવા રસ્તાઓનું પણ નવીનીકરણ શરૂ કરવામાં આવ્યું છે, જેને છેલ્લા સાત વર્ષથી રી-સરફેસ કરવામાં આવ્યા નથી. આ કામગીરીનો હેતુ માત્ર સમારકામ જ નહીં, પરંતુ રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરીને તેમને વધુ ટકાઉ બનાવવાનો પણ છે. આ પહેલથી નાગરિકોને ચોમાસા બાદ થતી પરેશાનીઓમાંથી રાહત મળશે અને વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને સરળ બનશે. આ ઉપરાંત, માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા એવા રસ્તાઓનું પણ નવીનીકરણ શરૂ કરવામાં આવ્યું છે, જેને છેલ્લા સાત વર્ષથી રી-સરફેસ કરવામાં આવ્યા નથી. આ કામગીરીનો હેતુ માત્ર સમારકામ જ નહીં, પરંતુ રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરીને તેમને વધુ ટકાઉ બનાવવાનો પણ છે. આ પહેલથી નાગરિકોને ચોમાસા બાદ થતી પરેશાનીઓમાંથી રાહત મળશે અને વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને સરળ બનશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





ભારતે એશિયા કપ ૨૦૨૫ ના પોતાના અંતિમ ગ્રુપ-સ્ટેજ મુકાબલામાં ઓમાનને ૨૧ રનથી હરાવ્યું, અને સ્ટેજ અજેય રહ્યો. પહેલા બેટિંગ કરતા, ભારતે ૧૮૮/૮ નો સ્કોર બનાવ્યો, જેમાં તમામ ખેલાડીઓનો ફાળો હતો, જ્યારે ૧૧ નંબર પર બેટિંગ કરતા કેપ્ટન સૂર્યકુમાર યાદવને બોલનો સામનો કરવાની તક મળી ન હતી.

## ન્યૂઝ બ્રિફ

### બેંગલુરુમાં ભારે વરસાદથી હાલ બેહાલ, હવામાન વિભાગે આપ્યું એલર્ટ

**। (એજન્સી) બેંગલુરુ, તા.૨૦ ।**

ભારતની સિલિકોન વેલી ભારે વરસાદથી તબાહ થઈ ગઈ છે. બેંગલુરુમાં ગુરુવારે રાતોરાત ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને અનેક મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. ગુરુવારે મોડી રાત્રે શરૂ થયેલો વરસાદ શુક્રવારે સવાર સુધી સતત ચાલુ રહ્યો હતો. અહેવાલો અનુસાર, બેંગલુરુ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૫.૫ મીમી વરસાદ નોંધાયો છે. ડોડ્ડાબલ્લાપુરામાં ૬૦ મીમી, રામનગરમાં ચંદુરાયણહલ્લીમાં ૪૬ મીમી અને બેંગલુરુ ગ્રામ્યમાં હેસરાઘટ્ટામાં ૪૩ મીમી વરસાદ નોંધાયો છે. આ દરમિયાન, IMD એ બેંગલુરુ માટે યલો એલર્ટ આપ્યું છે, જેમાં છૂટાછવાયા સ્થળોએ ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. બેંગલુરુ ઉપરાંત, કર્ણાટકના વિજયપુરા, બિદર, કાલાબુરાગી, તુમકુર, કોલાર અને ચિક્કાબલ્લાપુરા જિલ્લામાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ દિવસોમાં સમગ્ર કર્ણાટકમાં ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. કર્ણાટક રાજ્ય કુદરતી આપત્તિ દેખરેખ કેન્દ્ર અનુસાર, ચિક્કાબલ્લાપુર જિલ્લાના કાનાગમકલપલ્લીમાં ૧૩૦ મીમી, તિરુમણીમાં ૧૧૪ મીમી, બીચગનહલ્લીમાં ૧૧૪ મીમી, ચેલુરમાં ૧૦૧ મીમી, બિદર જિલ્લાના ભંડારકુમ્થામાં ૧૧૨ મીમી વરસાદ નોંધાયો હતો.

### મેં બાળકોને ગુપચુપ દત્તક લીધા, શિક્ષણ-આરોગ્યનો ખર્ચ ઉઠાવું છું

**। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।**

બોલિવૂડની જાણીતિ અભિનેત્રી અમીષા પટેલ હાલમાં ૫૦ વર્ષની થઈ ગઈ છે. પરંતુ તેણે હજુ સુધી લગ્ન નથી કર્યા. હાલમાં જ તેણે ખૂલાસો કરતાં કહ્યું તેણે કેટલાક બાળકોને દત્તક લીધા હતા અને તેમના અભ્યાસનો સમગ્ર ખર્ચ ઉઠાવે છે. અમીષા પટેલે એક યૂટ્યૂબર સાથે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, મને બાળકો ખૂબ જ પસંદ છે. હું મારા ભત્રીજા, ભાઈઓ, કાકાના ભાઈ બહેનોના ડાયપર બદલતી હતી. તેઓને જમાડતી હતી, તેમને સુવડાવતી હતી, અને કહેતી હતી કે, હું આખી ક્રિકેટ ટીમને જન્મ આપીશ. ત્યારે મારી માતા કહેતી, એક બાળક જન્માવો, પછી જોઈશું, કારણ કે બાળકો પેદા કરવા અને માતા બનવું ખૂબ મુશ્કેલ છે. મને બાળકો પ્રત્યે ખૂબ પ્રેમ છે અને હું તેમને ખૂબ પ્રેમ કરું છું. કહોના પ્યાર હૈ, અભિનેત્રીએ આગળ ખુલાસો કર્યો કે, હું હંમેશા અનાથ બાળકો વિશે વિચારું છું. મેં વિચાર્યું છે કે તેમને ઘર આપવું કેટલું સુંદર હશે. તેથી મેં ચૂપચાપ કેટલાક બાળકોને દત્તક લીધા છે, તેમજ આ બાળકો જાણતા પણ નથી કે, મેં તેમને દત્તક લીધા છે. હું ચૂપચાપ તેમના શિક્ષણનો ખર્ચ ઉઠાવું છું. પછી ભલે તે મેડિકલ હોય કે શૈક્ષણિક, તેમને વધુ સારું જીવન આપવા માટે હું તેમને શક્ય તેટલી બધી રીતે ઉછેર કરી રહી છું. બાળકનો ઉછેર કરવો એ એક મોટી જવાબદારી છે.

### NHAI પર ભડક્યાં હાઈકોર્ટના જજ, કહ્યું

# શૌચાલય શોધવાના ચક્કરમાં મારા ચાર મેમો ફાટ્યાં હતા

### મનોહર લાલ ખટ્ટરનું નામ પણ પ્રમુખની રેસમાં સામેલ ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામની પણ ચર્ચા

**।(એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૨૦।**

કેરળ હાઈકોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ની ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે કહ્યું કે, NHAI જાહેર શૌચાલયની જાળવણી કરવા સક્ષમ નથી. જસ્ટિસ અમિત રાવલ અને પીવી બાલાકૃષ્ણનની એક ડિવિઝન બેન્ચે પેટ્રોલ પંપ પર ઉપલબ્ધ ટોઈલેટનો ઉપયોગ કરવા મામલે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, હાઈવે પર જો કોઈ શૌચાલય મળે તો પણ તે પગ મૂકવા લાયક પણ હોતું નથી. જસ્ટિસ રાવલે જયપુરથી રણથંભોરનો પોતાનો પ્રવાસ યાદ




કરતાં કહ્યું કે, મને રસ્તામાં એક પણ શૌચાલય મળ્યુ નહીં. રસ્તામાં ઓવર સ્પિડિંગ માટે ચાર મેમો આવ્યા. અમે જાહેર શૌચાલયની શોધમાં ગાડીની સ્પીડ વધારી અને ચાર મેમો આવ્યા. પેટ્રોલ પંપના માલિકોએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી કે, અમારૂ શૌચાલય જાહેર જનતા માટે ખુલ્લુ મુકી શકીએ નહીં. હાઈવે પર પબ્લિક ટોઈલેટની જવાબદારી એનએચએઆઈની છે. હાઈકોર્ટે અન્ય દેશોની તુલનાએ ભારતમાં જાહેર શૌચાલયની ઉપલબ્ધતા અત્યંત ઓછી હોવાની ટિપ્પણી કરી છે. જસ્ટિસ રાવલે જણાવ્યુ કે, આ કામગીરી NHAIની છે. જો તમે વિદેશ જાઓ છો, તો થોડા-થોડા અંતરે તમને એક સ્ટોપ મળશે. જ્યાં તમે ચા-કોફી પી શકો છો, શૌચાલયનો ઉપયોગ કરી શકો છો. પરંતુ આપણે ત્યાં આવુ નથી. જે હાઈવે પર જાહેર શૌચાલય છે, તે પણ બેકાર છે.

### NDA સમક્ષ ચિરાગ પાસવાનની શરત

# ૨ બેઠકો ઓછી મળે તેનો વાંધો નહીં પણ સ્ટ્રાઈક રેટ જરૂરી છે

### અમારા માટે બેઠકોની સંખ્યા મહત્વપૂર્ણ નથી, પરંતુ એ બેઠકો મહત્વપૂર્ણ છે જ્યાં અમે જીતી શકીએ છીએ

**। (એજન્સી) પટણા, તા.૨૦ ।**

બિહારમાં આગામી મહિનાઓમાં વિધાનસભામાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેને લઈને જોર-શોરથી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વચ્ચે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને બેઠકોની વહેંચણીને લઈને એક મોટી વાત કહી દીધી છે. તેમણે કહ્યું કે, અમારા માટે બેઠકોની સંખ્યા મહત્વપૂર્ણ નથી, પરંતુ એ બેઠકો મહત્વપૂર્ણ છે જ્યાં અમે જીતી શકીએ છીએ. લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને કહ્યું કે, હું ઈચ્છું છું કે, અમારી પાર્ટીએ જે રીતે લોકસભામાં પ્રદર્શન કર્યું હતું, એવી જ રીતે વિધાનસભા ચૂંટણીમાં પણ પાર્ટીનું પ્રદર્શન રહે. એટલે કે ૧00% સ્ટ્રાઈક રેટ. અમારા માટે માત્ર એ જ બેઠકો મહત્વની છે જ્યાં અમારી પાર્ટી જીતી શકે છે. પછી ભલે બે બેઠકો ઓછી મળે તો વાંધો નહીં પણ સ્ટ્રાઈક રેટ જરૂરી છે. ચિરાગે એક યુટ્યુબ ચેનલ સાથે વાત કરતી વખતે આ વાતો કરી હતી. ગત વર્ષે યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ચિરાગની પાર્ટી એલજેપીને એનડીએ દ્વારા ચૂંટણી લડવા માટે પાંચ બેઠકો આપી હતી, જેમાં તેમની પાર્ટીને પાંચેય બેઠકો પર જીત મળી હતી. ત્યારથી જ ચિરાગનો ઉત્સાહ ખૂબ જ ઉંચો છે. આ જ કારણોસર ચિરાગ ઈચ્છે છે કે, તેને એ જ બેઠકો મળે જ્યાં તેમની પાર્ટી જીત મળે. ભલે બિહાર ચૂંટણીની જાહેરાત હજુ સુધી નથી થઈ, પરંતુ સીટ શેરિંગને લઈને બેઠકો શરૂ થઈ ગઈ છે. ભાજપ અને જેડીયુના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધનમાં ટૂંક સમયમાં બેઠકોનું વિભાજન થઈ શકે છે. મીડિયા અહેવાલ પ્રમાણે બિહારની ૨૪૩ બેઠકોમાંથી જેડીયુને ૧૦૨-૧૦૩ બેઠકો, ભાજપને ૧૦૧-૧૦૨ બેઠકો, ચિરાગ પાસવાનની એલજેપી (રામ વિલાસ)ને ૨૫-૨૮ બેઠકો, જીતન રામ માંઝીની હમને ૬-૭ બેઠકો અને ઉપેન્દ્ર કુશવાહાની આરએલએમને ૪-૫ બેઠકો મળી શકે છે.



નવી દિલ્હીના કર્તવ્ય પથ લૉન ખાતે એક કલાકાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ચિત્ર પર કામ કરી રહ્યા છે. NDMC વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે કર્તવ્ય પથ ખાતે ૧૦ કિમીના લાઈવ કેનવાસ પેઈન્ટિંગ સાથે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ...

### ભારતના પ્રયાસોને ઝટકો લાગવાની શક્યતા

## પ્રત્યાર્પણથી બચવા માટે નીરવ મોદીની નવી ચાલ



**। (એજન્સી) લંડન, તા.૨૦ ।**

બ્રિટનની કોર્ટે ભારતના ભાગેડુ નીરવ મોદીને મોટી રાહત આપી છે. જ્યારે કેન્દ્ર સરકાર માટે તેના પ્રત્યાર્પણની મુશ્કેલીમાં વધારો કર્યો છે. યુકેની કોર્ટે નીરવ મોદીની પ્રત્યાર્પણની પ્રક્રિયાને ફરીથી શરૂ કરવાની માગ કરતી અરજી સ્વીકારી છે. જેના લીધે નીરવ મોદીને ભારત લાવવાના પ્રયાસોને ઝટકો વાગ્યો છે. આ નિર્ણય બાદ ભારત સરકાર અને તપાસ એજન્સીઓ લંડનને જવાબ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. જેથી કાયદાકીય કાર્યવાહીથી બચી શકાય. વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે, નીરવ મોદીએ પોતાની લીગલ ટીમ મારફત ગત મહિને યુકેની વેસ્ટમિંસ્ટર કોર્ટમાં અપીલ કરી હતી, જેમાં તેની ભારત પ્રત્યાર્પણની વિરૂદ્ધ અપીલ ફરીથી શરૂ કરવાની માગ થઈ હતી. કોર્ટે આ માગ સ્વીકારી ભારત સરકારને નોટિસ મોકલી છે. નીરવ મોદીએ અરજીમાં દાવો કર્યો હતો કે, જો તેને ભારત મોકલવામાં આવે તો અનેક એજન્સીઓ પૂછપરછ કરશે અને તે દરમિયાન અનેક યાતનાઓનો સામનો કરવો પડી શકે છે. કોર્ટે આ અરજી પર સુનાવણીની તારીખ જાહેર કરી નથી. ભારત સરકારે નોટિસ મુદ્દે જાણકારી આપી હતી કે, અમે વિસ્તારપૂર્વક જવાબ આપવાની તૈયારી કરી રહ્યા છીએ. જે રાજકીય ચેનલ્સના માધ્યમથી મોકલવામાં આવશે. અમે નીરવના દાવાઓનું ખંડન કરીશું. અમે કોર્ટને આ અરજી ફગાવવા અપીલ કરીશું. કારણકે પ્રત્યાર્પણનો આદેશ ૨૦૨૨માં આપવામાં આવ્યો હતો. નીરવ મોદી પર પંજાબ નેશનલ બેક્ક કૌભાંડમાં છેતરપિંડી, ગુનાઈત ષડયંત્ર, વિશ્વાસઘાત, ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ, અને કરાર ઉલ્લંઘનના ગંભીર આરોપ છે. નીરવ મોદી બેન્કનું રૂ. ૧૩૦૦૦ કરોડનું ફૂલેકું ફેરવીને લંડન પલાયન થઈ ગયો હતો. ૨૦૧૧થી ૨૦૧૭ સુધી તેની કંપનીઓએ પીએનબીની મુંબઈ બ્રાન્ચ પાસેથી ૧૨૦૦થી વધુ નકલી લેટર્સ ઓફ અંડરટેકિંગ (LOU) હાંસલ કર્યા હતા. જેનો ઉપયોગ વિદેશી બેક્કો પાસેથી લોન મેળવવા કર્યો હતો. ભારત સરકારે નીરવ મોદીના પ્રત્યાર્પણ મામલે સ્પષ્ટતા કરી હતી કે, જો તેનું પ્રત્યાર્પણ થાય તો તેના પર ભારતીય કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે. કોઈ પણ એજન્સી તરફથી તેની પૂછપરછ નહીં થાય. જેનો ઉપયોગ વિદેશી બેક્કો પાસેથી લોન મેળવવા કર્યો હતો. ભારત સરકારે નીરવ મોદીના પ્રત્યાર્પણ મામલે સ્પષ્ટતા કરી હતી કે, જો તેનું પ્રત્યાર્પણ થાય તો તેના પર ભારતીય કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે. કોઈ પણ એજન્સી તરફથી તેની પૂછપરછ નહીં થાય.

### ૬૦૪ રસ્તા બંધ, મંડીમાં સૌથી વધુ તબાહી

# હિમાચલમાં મેઘરાજાનો તાંડવ, ચોમાસામાં કુલ ૪૨૪ના મોત

**। (એજન્સી) શીમલા, તા.૨૦ ।**

હિમાચલમાં આભ ફાટ્યું છે. ૨૦જૂનથી વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે ૪૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્ય આપત્તિ નિવારણે આ અંગે માહિતી આપી હતી. પૂર, વીજળી પડવાની કુદરતી આફતોમાં ૧૮૨ લોકો માર્યા ગયા છે. રાજ્યભરમાં બે નેશનલ હાઈવે સહિત ૬૦૪ રસ્તાઓ બંધ છે. મંડીમાં સૌથી વધુ મોત થયા છે. વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. વરસાદના કારણે રસ્તાઓ પર નુકસાન થતાં માર્ગ અકસ્માતના બનાવો પણ વધ્યા છે. જેમાં ૨૪ લોકોના મોત થયા છે. આ



કુદરતી આફતે કાંગડામાં પૂરના કારણે ૩૫ લોકો તણાયા છે. ચંબામાં ૨૮ અને શિમલામાં ૨૪ લોકોના જીવ લીધા છે. હિમાચલમાં વરસાદમાં અંદાજે ૫૨ લોકો, પૂરમાં તણાઈ જવાથી ૫૧, આભ ફાટવાની ઘટનામાં ૧૮ અને વીજળી પડવાથી ૧૯ લોકોના મોત થયા છે. કુલ્લુ, કિન્નોરમાં ભુસ્ખલન અને અચાનક પૂર આવતાં સૌથી વધુ નુકસાન થયુ છે.

### પિતા કિનારે રડતાં હતા અને લાશ તરતી સામે આવી

# નાળામાં પડી જતાં 3 વર્ષના બાળકનું કરુણ મોત થયું

**। (એજન્સી) વાશિમ, તા.૨૦ ।**

મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. ત્રણ વર્ષના બાળકનું નાળામાં પડી જવાથી મોત થયું છે. જિલ્લાના ગોંડેગાંવમાં ગુરુવારે સવારે ૧૧ વાગ્યે, ત્રણ વર્ષનો બાળક સ્વરાજ તેના ઘરની સામે એકલો રમી રહ્યો હતો ત્યારે અચાનક નાળામાં પડી ગયો. સ્વરાજના ઘરની નજીક ગ્રામ પંચાયત દ્વારા ગતવર્ષે નવુ નાળુ બનાવવામાં આવ્યું હતું. ગુરુવારે સાંજે વાશિમ જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો ત્યારે નાળા વરસાદના પાણીથી છલકાઈ



ગયા. જેથી બાળક અજાણતા નાળામાં પડી ગયું હતું. જેમાં પાણીના વહેણ સાથે તણાયુ હતું અને એક પાઈપમાં અટવાઈ ગયુ હતું. જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.બાળક નાળાની અંદર એક મોટા સિમેન્ટ પાઈપમાં ફસાઈ ગયું હતું. તેને પાઈપમાંથી બહાર કાઢવા માટે JCB બોલાવવામાં આવ્યું હતું.

# અમેરિકન જ હવે પસંદ નથી કરતા, કારણ-ઘરેલુ અને વિદેશ નીતિ

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. તેમના કાર્યકાળના ૨૪૨ દિવસ પૂરા થતા, તેમની નેટ અપ્રુવલ રેટિંગ -૧૭% પર પહોંચી ગઈ છે. તેમની ટેરિફ અને વિદેશ નીતિઓ, કડક ઈમિગ્રેશન પોલિસી, સરકારી નોકરીઓમાં ઘટાડો અને શૈક્ષણિક સંસ્થાઓને નિશાન બનાવવાની નીતિઓ જેવા અનેક કારણોને લીધે તેમની લોકપ્રિયતામાં આ ઘટાડો થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છેલ્લા અઠવાડિયાની સરખામણીમાં ટ્રમ્પની લોકપ્રિયતામાં ૨.૬ પોઈન્ટ્સનો ઘટાડો થયો



છે. તાજેતરના આંકડા મુજબ, માત્ર ૩૯% લોકો જ તેમના કામથી સંતુષ્ટ છે, જ્યારે ૫૬% લોકો અસંતુષ્ટ છે. આ ઉપરાંત, ૪% લોકોએ કોઈ ચોક્કસ અભિપ્રાય આપ્યો નથી. છેલ્લા નવ મહિનામાં, ટ્રમ્પે અમેરિકી સરકારમાં નોંધપાત્ર ફેરફારો લાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે પોતાના કાર્યકારી આદેશોનો ઉપયોગ કરીને વેપાર સમજૂતીઓ, ઈમિગ્રેશન, સરકારી કર્મચારીઓ અને વિદેશ નીતિમાં મોટા બદલાવ કર્યા છે. આ સાથે, તેમણે તેમના ભાષણો અને ન્યાય વિભાગ દ્વારા અમેરિકી યુનિવર્સિટીઓ, ન્યાયાધીશો, વકીલો, મીડિયા અને અન્ય વ્યવસાયો પર આકરા પ્રહારો કર્યા છે. આ બધી નીતિઓ અને તેમની આક્રમક શૈલીને કારણે અમેરિકી જનતામાં નારાજગી વધી રહી છે. ટ્રમ્પે સત્તામાં આવતાની સાથે જ ટેરિફ પોલિસી અપનાવી. તેમણે વેપાર અસંતુલન ઘટાડવા અને અમેરિકન ઉદ્યોગોને ટેકો આપવાના બહાને વિશ્વના દેશો પર ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. અમેરિકાનો સૌથી મોટો વેપારી ભાગીદાર હોવા છતાં, ભારતીય વસ્તુઓ પર ટ્રમ્પે ૨૫% ટેરિફ લગાવ્યો. આ ઉપરાંત, રશિયન તેલની ખરીદીને કારણે ભારત પર વધુ ૨૫%નો વધારાનો ટેરિફ લાદ્યો, જેના કારણે ૨૭ ઓગસ્ટથી કુલ ૫૦% ટેરિફ લાગુ થયો. આનાથી ભારતના વસ્ત્ર અને ઘરેણાંના ઉદ્યોગોને મોટું નુકસાન થયું છે અને સાથે જ અમેરિકામાં ભારતીય ઉત્પાદનો મોંઘા થવાથી ત્યાં પણ મોંઘવારી વધી છે, જેના કારણે અમેરિકન જનતામાં નારાજગી જોવા મળે છે.

## તંત્રી લેખ...

## પાકિસ્તાનમાં થયા ૨ મોટા બોમ્બ બ્લાસ્ટ ; આઠના મોત

પાકિસ્તાનમાં આતંકી ઘટનાઓ વધી રહી છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે પાકિસ્તાનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં બે બોમ્બ બ્લાસ્ટની ઘટના પ્રકાશમાં આવી છે. આ બોમ્બ બ્લાસ્ટમાં ૮ લોકોનો જીવ ગયો છે.જ્યારે ૨૩થી પણ વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયાં છે. પાકિસ્તાની અધિકારીઓ દ્વારા આ જાણકારી આપવામાં આવી છે. આતંકવાદી વિચારધારા હવે ખૂદ પાકિસ્તાન માટે જ હાનિકારક સાબિત થઈ રહી છે.આ ઘટનાની વાત કરવામાં આવે તો, પહેલો બ્લાસ્ટ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના તુર્બત જિલ્લામાં થયો હતો. અહીં એક આત્મઘાતી હુમલાખોર સુરક્ષા કાફલા પર વાહન અથડાવ્યો અને બ્લાસ્ટ થયો હતો. જેમાં બે સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા અને ૨૩ ઘાયલ થયા હતા. આ બ્લાસ્ટના થોડા જ કલાક પછી અફઘાન સરહદ નજીક દક્ષિણ-પશ્ચિમ શહેર ચમનમાં કાર બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટમાં છ લોકો માર્યા ગયા છે. મહત્વની વાત એ છે કે, આ બોમ્બ બ્લાસ્ટ કોણે કર્યો તેની હજી સુધી કોઈ સંગઠને જવાબદારી લીધી નથી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે શંકા પાકિસ્તાની તાલિબાન અને બલૂચ અલગતાવાદીઓ પર થઈ રહી છે. જેઓ ઘણીવાર પ્રાંતમાં સુરક્ષા દળો અને નાગરિકોને નિશાન બનાવતા હોય છે. જો કે, હજી સુધી તેના કોઈ પુરાવા મળ્યાં નથી. આ બોમ્બ બ્લાસ્ટ શા કારણે કરવામાં આવ્યો?પાકિસ્તાન હવે આતંકવાદના કારણે ખતમ થઈ રહ્યું છે. પહેલા પાકિસ્તાની આતંકવાદીઓ ભારતમાં બોમ્બ બ્લાસ્ટ કરતા હતા પરંતુ હવે તો ખૂદ પાકિસ્તાન તેનો ભોગ બની રહ્યું છે. આ બોમ્બ બ્લાસ્ટમાં ૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.આંકડાની વાત કરવામાં આવે તો પાકિસ્તાનમાં જૂન મહિનામાં ૭૮ આતંકવાદી હુમલાઓ થયાં હતાં. મોટા ભાગે બલૂચિસ્તાનને નિશાન બનાવવામાં આવતું હોય છે. થોડા સમય પહેલા પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા હતા.આ ઓપરેશન દરમિયાન લગભગ ૧૯ સૈનિકો પણ માર્યા ગયા હતા. ભારત સહિત વિશ્વભરના દેશો પાકિસ્તાને આતંકવાદ ખતમ કરવાની ચેતવણી આપી છે. તેમ છતાં પાકિસ્તાન આતંકવાદીઓને પનાહ આપતું આવ્યું છે, જેનું ફળ અત્યારે તેને મળી રહ્યું છે.

## અમદાવાદમાં એક વર્ષમાં ૨૮ ટુ-વ્હીલર ચોરી, મુખ્ય ટાર્ગેટ બ્રિજ નીચે પાર્ક કરેલા વાહનો, ગેંગના સાત ભેજાબાજ ઝડપાયા

। (માહિતી બ્યુરો) અમદાવાદ, તા.૨૦ ।

શહેરના પોશ વિસ્તાર અને રેલવે પોલીસની હદમાં છેલ્લા એક વર્ષમાં વાહન ચોરીના ગુના અંગેની અઢળક ફરિયાદો નોંધાવા પામી હતી. ત્યારે આ ગુનામાં સંડોવાયેલા ધર્મેશ રાણાની સાબરમતી રેલવે પોલીસે બાતમીના આધારે ચાંદલોડિયા તળાવ પાસેથી ધરપકડ કરી છે. જેની પૂછપરછમાં સમગ્ર હકીકત સામે આવી કે આરોપીએ છેલ્લા એક વર્ષમાં એક બે નહી પરંતુ કુલ ૨૮ ટુ-વ્હીલર વાહનોની ચોરીને અંજામ આપી ચુક્યો છે. આટલું જ નહીં આ રીઢો ગુનેગાર તેના સાથીદાર અને બાવળાના રહેવાસી એવા આરોપી બહાદારની મદદથી ચોરીના વાહનો વેચવામાં આવતા હોવાનું તપાસમાં ખુલ્યું છે, ત્યારે સાબરમતી રેલવે પોલીસે આ બંનેની ધરપકડ કરીને ચોરીના વાહન ખરીદનાર સહીત કુલ ૭ આરોપીની ધરપકડ કરી છે.

પશ્ચિમ અમદાવાદમાં જાહેર પાર્કિંગ અને બ્રીજ નીચે પાર્ક કરેલા ટુ-વ્હીલરના ચોરીના અનેક કિસ્સાઓમાં ધરખમ વધારો જોવા મળ્યો છે. ત્યારે છેલ્લા એક વર્ષથી આ પ્રકારના ગુના આચરતી ટોળકીના સાત આરોપીની સાબરમતી રેલવે પોલીસે ધરપકડ કરી છે. નોંધનીય છે કે, પહેલા સાબરમતી રેલવે પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર વી.એન. સિંગરખીયા અને તેમની ટીમે ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીને ચાંદલોડીયા તળાવ પાસેથી ધરપકડ કરી હતી. જે બાદ કડીથી કડી જોડાતા આ સાતેય આરોપીયો પકડાયા છે.


ઝડપાયેલા આરોપી ધર્મેશ રાણાએ કબુલાત કરતા જણાવ્યું કે, આખી ગેંગે છેલ્લા એક વર્ષમાં ૨૮ ટુ-વ્હીલ વાહનોની ચોરીને અંજામ આપ્યો હતો. જે બાદ ધર્મેશ રાણા તેના મિત્ર બહાદુરને ચોરી કરેલા ટુ-વ્હીલર વેચવા આપી દેતો હતો અને આરોપી બહાદુર કમીશન લઈને આ ચોરી કરેલા ટુ-વ્હીલને બાવળા અને તેની આસપાસના લોકોને વેચી દેતો હતો. આરોપીની આ કબુલાત બાદ રેલવે પોલીસે ચોરી થયેલા તમામ ૨૮ ટુ-વ્હીલર રીકવર કરી લીધા છે. ઉપરાંત વસ્ત્રાપુર, સેટેલાઈટ, બોડકદેવ અને સાબરમતી પોલીસ સ્ટેશનની હદમાં વાહન ચોરીના વણશોધાયેલા કેસોનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

આરોપીની ધર્મેશ રાણા કબૂલાત મુજબ, તે ઘરેથી બસમાં બેસીને ટુ-વ્હીલરની ચોરી કરવા આવતો હતો. તે સાણંદ તેના ઘરેથી બસમાં બેસીને સાણંદ ચોકડી ઉતરતો હતો. ત્યાંથી રીક્ષામાં બેસીને ઈસ્કોન અને સોલા બ્રીજ પાસે આવીને મોટાભાગે બ્રીજ નીચે પાર્ક કરેલા ટુ-વ્હીલર વાહનને નીશાને બનાવતો.

તેની પાસે રહેલી ત્રણ અલગ અલગ માસ્ટર કી વડે તે લોકો ખોલીને બાઈક લઈ બાવળા તેના મિત્ર બહાદુરને આપી દેતો હતો. આમ તેણે છેલ્લા એક વર્ષથી પશ્ચિમ અમદાવાદમાં વાહન ચોરીને અંજામ આપ્યો છે. સાણંદના ધર્મેશ રાણાની પૂછપરછ બાદ અન્ય છ આરોપીઓ પણ પકડાયા હતા. જેઓની ઓળખ બહાદુર (રહે.બાવળા), સતીષ બાલાભાઈ સેનમા (રહે.બાવળા), બાબુ મનુભાઈ કબીરા (રહે.બાવળા), સોહિલ અયુબખાન પઠાણ (રહે.બાવળા), અમૃતભાઈ કમાભાઈ પરમાર (રહે.બાવળા), ઈબ્રાહીમ ઉસ્માનભાઈ ઘાંચી (રહે. સરખેજ) તરીકે થઈ છે. તેઓની પૂછપરછમાં અમદાવાદના વિવિધ ચાર પોલીસ સ્ટેશનના ૨૮ કેસો ઉકેલાયા છે. જેમાં ગાયકવાડ હવેલીમાંથી ૧ વાહન, સરખેજમાંથી ૩ વાહન, સોલામાંથી ૫ વાહનો, આનંદનગરમાંથી ૨ વાહન, ચાંદખેડામાંથી ૨ વાહન, એલીસબ્રીજમાંથી ૧ વાહન, યુનિવર્સીટીમાંથી ૧ વાહન, વસ્ત્રાપુરમાંથી ૨ વાહન, સેટેલાઈટમાંથી ૨ વાહન, નારણપુરામાંથી ૧ વાહન, સાબરમતી રેલવેમાંથી ૩ વાહન, ગાંધીનગર ઈન્ફોસીટીમાંથી ૧ વાહન અને અમદાવાદ ગ્રામ્યમાંથી ચોરાયેલા ૪ વાહન મળીને કુલ ૨૮ વાહનોને જપ્ત કર્યા છે.

**ગાયત્રી મંત્રનો અર્થ, પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળાં, પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે**

# અશ્વિન નવરાત્રી પહેલાં બુદ્ધિને સાત્વિક કરનાર વેદમાતા ગાયત્રી વિશે જાણીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મા જગતજનનીનું ગમે તે સ્વરૂપ હોય, પણ તેનાં દર્શન માત્રથી પતિત ભાવ મીટે છે, અને પુનીત પ્રગટે છે,તેના નિત્ય સ્મરણથી જીવનમાં બળ બુદ્ધિ વધે છે, અને વિશિષ્ટ સાધના કે આરાધનાથી વિદ્યાના વરદાન પ્રાપ્ત થાય છે. આપણે સૌ પણ આ નવરાત્રીમા જગત જનનીનાં સાનિધ્યને હૈયામાં ધરીને બુદ્ધિને વેદમાતા ગાયત્રીની કૃપાથી શુદ્ધ અને સાત્વિક કરી શકીએ એ રીતે એને આરાધિયે.**

આવતીકાલથી આસો નવરાત્રી એટલે કે અશ્વિન નવરાત્રીની શરૂઆત થાય છે, અને આપણે ત્યાં મા ભગવતીનાં વિવિધ સ્વરૂપો ના પ્રતિક રુપે ઘટ એટલે કે ગરબાનું સ્થાપના કરી તેની આરાધનાનું એક સુંદર પર્વ દર વર્ષે લોકો ગરબા ગાઈને પૂર્ણ શ્રદ્ધાથી ઉજવે છે. સમર્થ બનવા માટે મા જગતજનનીના ચરણે વિવિધ ભાવ ભોગરૂપે ચડાવતાં હોય છે. આ ઉપરાંત આપણે ત્યાં માને કૃપાકર્તા તેમજ કોપકારી તરીકે પણ સ્વીકારવામાં આવી છે, એટલે કે કોઈ ભૂલ થઈ જાય તો એ કુળનું નિકંદન કરનારી છે, જેમ કે સીતામાતાએ રાવણ કુળ માર્યું હતું, અને દ્રૌપદીએ કૌરવ કુળનો નાશ કર્યો હતો. માનવી સ્થૂળ શરીરથી તો માત્ર ક્રિયા કરી શકે, પરંતુ આ સ્થૂળ શરીરને ચલાવવા માટે તેને બુદ્ધિ તત્વની જરૂરત પડે છે અને આ બુદ્ધિને કારણે તે સજ્જન પણ બની શકે, અને દુર્જન બની શકે. જો બુદ્ધિમાં સાત્વિકતા વધુ હોય તો એ સજ્જન અને બુદ્ધિમાં સાત્વિકતાની બદલે તામસતા વધુ હોય તો એ દુર્જન બની શકે. જે ખેલ છે એ બધાં બુદ્ધિનાં જ છે,અને એટલે જ બુદ્ધિમાં સાત્વિકતા લાવવા માટે આપણે ત્યાં સૌ મા ભગવતીનું શરણું ગ્રહણ કરતા હોય છે. તો બુદ્ધિમાં સાત્વિકતા આવે એ માટે સૌથી સરળમાં સરળ કોઈ મંત્ર હોય તો એ ગાયત્રી મંત્ર છે, અને એનાં નિયમિત જાપ કરવાથી આપણી બુદ્ધિમાં સાત્વિકતા વધે છે. બુદ્ધિમાં સાત્વિકતા આવવી એટલે શું? અથવા એ કેમ ખબર પડે? અન્યને હેરાન કરવાની બદલે એને મદદ કરવાની ઈચ્છા થાય તો સમજવું કે બુદ્ધિ સાત્વિક થવા લાગી છે, અને નવરાત્રી પૂર્વે આવી બુદ્ધિ સાત્વિક કરનારી મા ગાયત્રીના મંત્રની સરળ સાધનાથી શુદ્ધ થઈએ.

વેદમાતા ગાયત્રીની સાધના કે ઉપાસના સવર્શ્રેષ્ઠ માનવામાં આવેલ છે. ગાયત્રીને દેવી તરીકે પણ પૂજા થાય છે, અને સવિતા દેવ તરીકે પણ પ્રચલિત છે. ચારે વેદોની ઉત્પત્તિ પણ મા ગાયત્રી દ્વારા થઈ હોવાનું મનાય છે, તેથી તેને વેદમાતા પણ કહે છે. બ્રહ્માનાં તપથી ગાયત્રી અને સરસ્વતી પ્રકટયાં, અને વળી બંનેને બ્રહ્માની પત્નીઓ માનવામાં આવી છે. એટલે જ આ મંત્રની સાધના કરનારનું જ્ઞાન વધે છે, અને મા સરસ્વતી પ્રસન્ન થતા કલા કે વિદ્યાનુ વરદાન પ્રાપ્ત થાય છે. તેમજ બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરનાર દેવ હોવાથી વિવિધ સર્જન કાર્ય પણ કરી શકે છે. ગાયત્રી મંત્રની જેણે સાધના કે ઉપાસના કરી હશે, તે સર્વને તેના અનુષ્ઠાનના નિયમોનો ખ્યાલ હશે જ, કે ગાયત્રી મંત્રની સાધના બ્રહ્મમુહૂર્તથી સૂર્યોદય સુધીના સમયમાં અને તે પછીનો થોડા જાપ સૂર્યની હાજરીમાં કરવામાં આવે છે. અનુષ્ઠાનની ફળશ્રુતિ રૂપે ઉગતા સૂર્યની તેજસ્વિતા કપાળે અંકિત થાય છે, અને લલાટમાં સમજણનું ત્રીજું નેત્ર ખુલે છે.

ગાયત્રી મંત્રનો અર્થ, પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળાં, પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે. ૐ ને આપણે ત્યાં એકાક્ષરી મંત્ર તરીકે સ્વીકારાયો છે, અને જેને બ્રહ્માંડનો બીજ મંત્ર પણ કહેવામાં આવે છે, અને એટલે જ લગભગ ઘણા મંત્રમાં આગળ ૐ ને જોડવામાં આવે છે. એટલે ૐ સાથે ગાયત્રી મંત્રની શક્તિ તો ડબ્બલ થઈ એમ કહી શકાય! આવાં સુંદર સંદર્ભ સાથે જેને વેદ સ્થાન મળ્યું છે, એ ગાયત્રી અને ગાયત્રી મંત્રનો જાપ કરી આપણે પણ સતયુગમાં એટલે કે જ્યાં વેદ ગાન અને વેદ જ્ઞાન સહજ હતું, એ સમયમાં પહોંચી શકીએ.

જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે. તેમણે તેમના પુસ્તકમાં ગાયત્રીને ૪૦ શક્તિઓની સિદ્ધિ દાયિની ગણી છે. તેનું ધ્યાન ધરવાથી બુદ્ધિની મલીનતા ધોવાઈ જાય છે, તથા ધર્મના આચરણમાં શ્રદ્ધા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે. તે ઈશ્વરરૂપ બ્રહ્નની પ્રાર્થનાનો એક વૈદિક મંત્ર પણ છે. ગાયત્રી મંત્રનાં મુખ્ય ત્રણ ચરણ છે, એટલે ૐ ભૂર્ભુવઃ સ્વઃ, તત્ સવિતુવરેણ્યં ભર્ગો દેવસ્ય, ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત, આમ ગાયત્રીમાં ત્રણ પદો છે. જે કર્મ, જ્ઞાન, ભક્તિના તે પ્રતિપાદક છે. પ્રાચીન ગ્રંથોમાં ગાયત્રી મંત્રથી જે શક્તિઓ પ્રાપ્ત થાય છે, તેનું વિવરણ નીચે પ્રમાણે કર્યું છે. આ મંત્રનાં ૨૪ અક્ષરોના અર્થ વર્ણવ્યા છે, જે પહેલા અક્ષરમાં ‘સફળતા’, બીજામાં ‘પુરુષાર્થ’, ત્રીજામાં ‘પાલન’, ચોથામાં ‘કલ્યાણ’,પાંચમામાં ‘યોગ’, છઠ્ઠામાં ‘પ્રેમ’, સાતમામાં ‘લક્ષ્મી’, આઠમામાં ‘તેજિસ્વતા’, નવમામાં ‘સુરક્ષા’, દશમામાં ‘બુદ્ધિ’, અગિયારમાં ‘દમન’ બારમામાં ‘નિષ્ઠા’, તેરમામાં ‘ધારણા’, ચૌદમમાં ‘પ્રાણ’, પંદરમામાં ‘સંયમ’, સોળમામાં ‘તપ’, સત્તરમામાં ‘દૂરદર્શિતા’, અઢારમામાં ‘જાગરણ’, ઓગણીસમાં ‘સૃષ્ટિજ્ઞાન’, વીસમામાં ‘સરળતા’, એકવીસમાં ‘સાહસ’, બાવીસમાં ‘દમન’, ત્રેવીસમાં ‘વિવેક’ અને ચોવીસમાં ‘સેવાભાવ’ નામની શક્તિઓનો ઉદ્ભવ થયેલો છે. પણ આપણે આ બધામાં ન જઈએ અને ફક્ત એનો સીધો સાદો અર્થ સ્વીકારી એનો જાપ કરીએ તો પણ એ આપણાં જીવનની દિશા બદલી શકે છે.

દેવી ભાગવતમાં ગાયત્રીની ત્રણ શકિતઓને બ્રહમી,વૈષ્ણવી,અને શાંભવી, સ્વરૂપમાં દર્શાવવામાં આવી છે.સવારના સમયે કુમારીકા બ્રાહ્મી સ્વરૂપે હોય છે. માતા ગાયત્રી પણ ભગવાન શંકરની જેમ પંચમુખ ધરાવે છે. એમાં ગાયત્રીનું વાહન હંસ હોય છે, અને પાંચમુખ તેમજ બે હાથ હોય છે. બપોરના સમયે યુવતી વૈષ્ણવીનું સ્વરૂપ માનવામાં આવ્યું છે, આ રૂપમાં તેઓ ગરુડ પર બેઠાં હોય છે, અને ત્યારે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. સંધ્યા સમયે પ્રૌઢાના સ્વરૂપમાં રુદ્રાણી કે શાંભવી હોય છે,ત્યારે તેઓનું વાહન બળદ હોય છે.એ વખતે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. આમ અંબાજીમાંને બહુચરાજીમાં પણ આપણે જોઈશું કે શરીરની ત્રણ મુખ્ય અવસ્થા પ્રમાણેનાં રૂપ સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે. ભારતમાં તથા ગુજરાતમાં મોટી સંખ્યામાં ગાયત્રી મંદિર આવેલા છે, અને ગાયત્રી મંત્રનો ખૂબ જ બહોળા પ્રમાણમાં જાપ થાય છે. ગાયત્રી મંત્રના જાપથી સદબુદ્ધિ આવે છે, અને બુદ્ધિ ત્રણે સ્તરે ગતિ કરે છે. આજથી લગભગ ૪૦થી ૪૫ વર્ષ પહેલા મારા પૂજ્ય અને શ્રદ્ધેય સર્વ સમર્થ સદગુરુ ભગવાન શ્રી પંડિત રામ શર્મા આચાર્યએ યુગ નિર્માણ માટે વિચાર ક્રાંતિ અભિયાન શરૂ કર્યું, અને ગાયત્રી શક્તિપીઠ મંદિરોમાં જોરશોરથી આવી પ્રવૃત્તિ ચાલે છે, તેનું મુખ્ય મથક હરિદ્વાર ખાતે શાંતિકુંજ છે.અહી લોકો સાધના માટે, કે રોગ ઉપચાર માટે પણ આવે છે. બ્રહ્મ મુહૂર્તમાં ધ્યાન કરવાં માટે અલગ ખંડની રચના છે, ગર્ભ સંસ્કાર માટે પણ વિધિ છે, અને આર્યુવેદની દવાનું વિતરણ તથા અગરબત્તી વગેરેનો ગૃહ ઉદ્યોગ પણ ચાલે છે,મંત્ર લેખન ઉપરાંત સદગુરુદેવની નાની મોટી પુસ્તિકાનું વિતરણ પણ થાય છે. આજનાં ચિંતનનો આ લેખ લખનારના એ સદગુરુ દેવ છે, અને આ નિરંતર વહેતો પ્રવાહ એની કૃપાનો પ્રતાપ છે. બ્રહ્મ મુહૂર્તમાં ધ્યાન કરવાં માટે અલગ ખંડની રચના છે, ગર્ભ સંસ્કાર માટે પણ વિધિ છે, અને આર્યુવેદની દવાનું વિતરણ તથા અગરબત્તી વગેરેનો ગૃહ ઉદ્યોગ પણ ચાલે છે,મંત્ર લેખન ઉપરાંત સદગુરુદેવની નાની મોટી પુસ્તિકાનું વિતરણ પણ થાય છે. આજનાં ચિંતનનો આ લેખ લખનારના એ સદગુરુ દેવ છે, અને આ નિરંતર વહેતો પ્રવાહ એની કૃપાનો પ્રતાપ છે. મા જગતજનનીનું ગમે તે સ્વરૂપ હોય, પણ તેનાં દર્શન માત્રથી પતિત ભાવ મીટે છે, અને પુનીત પ્રગટે છે,તેના નિત્ય સ્મરણથી જીવનમાં બળ બુદ્ધિ વધે છે, અને વિશિષ્ટ સાધના કે આરાધનાથી વિદ્યાના વરદાન પ્રાપ્ત થાય છે.આપણે સૌ પણ આ નવરાત્રીમા જગત જનનીનાં સાનિધ્યને હૈયામાં ધરીને બુદ્ધિને વેદમાતા ગાયત્રીની કૃપાથી શુદ્ધ અને સાત્વિક કરી શકીએ એ રીતે એને આરાધિયે.

**ગૃહસ્થીઓએ માનસી અને પ્રત્યક્ષ બંને સેવા કરવી જોઇએ**

# માનવી એટલો બધો નબળો છે કે તે નાની નાની વાતથી ડરી જાય છે અને એટલો બધો બહાદુર છે કે ભગવાનથી પણ ડરતો નથી...!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એક મા બાળકને સ્તન પાન કરાવી પુષ્ટિ આપે છે. ગુરુરૂપી મા કાયમને માટે સ્તનપાન છોડાવે છે એટલે જન્મમરણના ત્રાસમાંથી મુક્તિ અપાવે છે. ફરી કોઈ વખત જન્મ લઈ સ્તનપાન કરવું ન પડે. સ્તનપાન કરાવનાર મા શ્રેષ્ઠ કે સ્તનપાન છોડાવનાર મા શ્રેષ્ઠ? ગુરુ શ્રેષ્ઠ છે? નારદજી પૂછે છે કે, બેટા તું ક્યાં જાય છે?**

આજે ભાદરવા વદ અમાસ રવિવાર આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સર્વને વંદન કરીને સર્વના આશીર્વાદ મેળવીને ઘર છોડી જાય છે તેને રસ્તામાં સંત મળે છે ઝઘડો કરીને જાય તેને સંતમળતા નથી કેટલાક ઝઘડો થાય એટલે ઘર છોડે છે અને બાવા બને છે. આવા બાવાના બંને બગડે છે. રસ્તામાં ધ્રુવજીને નારદજી મળે છે. ધ્રુવજી વિચાર કરે છે કે, આ કોઈ સંત લાગે છે. માતાએ સારા સંસ્કાર પાડેલા. રસ્તામાં કોઈ સાધુ મળે તેને સાષ્ટાંગ પ્રણામ કરવા.ધ્રુવજી નારદજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પ્રણામ સાષ્ટાંગ એટલે શું?પ્રકૃતિ અષ્ટધા છે.તે આઠે પ્રકૃતિથી પરમાત્મામાં મળી જવાની ઈચ્છા બતાવવા સાષ્ટાંગ પ્રણામ થાય છે પ્રણામથી આત્મનિવેદન થાય છે. અધિકારી શિષ્યને સદગુરુ રસ્તા માં જ મળે છે.સદગુરુ તત્ત્વ અને ઈશ્વર વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી,તેમને ઓળખવાની જરૂર છે.બાળકનો વિનય જોતાં નારદજીને અતિશય આનંદ થયો. તેમણે ધ્રુવના માથા ઉપર હાથ મૂક્યો.કોઈ મહાપુરુષ નો હાથ મસ્તક ઉપર આવેછે ત્યારે મનના વિકારોશાંત થાયછે.ધ્રુવ વિચારેછે કે,મારી માના આશીર્વાદથી રસ્તા માં મને બીજી મા મળી ગઈ છે.

એક મા બાળકને સ્તનપાન કરાવી પુષ્ટિ આપે છે.ગુરુરૂપી મા કાયમને માટે સ્તનપાન છોડાવે છે એટલે જન્મમરણના ત્રાસમાંથી મુક્તિ અપાવે છે. ફરી કોઈ વખત જન્મ લઈ સ્તનપાન કરવું ન પડે. સ્તનપાન કરાવનાર મા શ્રેષ્ઠ કે સ્તનપાન છોડાવનાર મા શ્રેષ્ઠ? ગુરુ શ્રેષ્ઠ છે? નારદજી પૂછે છે કે, બેટા તું ક્યાં જાય છે? જવાબમાં ધ્રુવજી કહે છે કે, હું ભગવાનના દર્શન માટે વનમાં તપસ્યા કરવા જાઉં છું.મારી મા એ કહ્યું છેકે,મારા પિતા નારાયણ છે.હું મારા પિતા નારાયણની ગોદ માં બેસવા જાઉં છું. આ સાંભળી નારદજી પ્રસન્ન થાય છે. તેઓ ધ્રુવના નિશ્ચયની પરીક્ષા કરે છે. સદગુરુ શિષ્યની પરીક્ષા કરે છે પછી ઉપદેશ આપે છે. નારદજી બોલ્યા,તું બાળક છે. બાલ્યાવસ્થા તો રમવા માટે છે. ભગવાનને પ્રસન્ન કરવાનું સહેલું નથી.મોટામોટા પુરુષો માટે આ કામ દુરારાધ્ય છે. અરે મોટામોટા ઋષિઓ અનેક જન્મથી ઈશ્વરનું આરાધન કરેછે.તેને પણ ભગવાન મળતા નથી.મોટા મોટા મુનિઓ પણ ભગવાનના માર્ગને શોધે છે, છતાં તેને જાણી શકતા નથી. માટે તું એ વાત છોડ.ઘરે પાછો જા. ભગવાનની ગોદમાં બેસવાની વાત છોડી બાપની ગાદી પર બેસવાની વાત કર.પછી વૃદ્ધાવસ્થામાં નિવૃત્ત થઈ પછી વનમાં જજે,ને આરામથી ભગવાનનું ભજન કરજે! પણ ધ્રુવજી કહે છે, મારે પિતાની ગોદ ઉપર બેસવું નથી.મેં તો નિશ્ચય કર્યો છે કે,આ જન્મમાં જ મારે પરમાત્માનાં દર્શન કરવાં. ધ્રુવનો દઢ નિશ્ચય જોઈ નારદજી ધ્રુવને કહે છે, ધન્ય છે તને.જે મનુષ્ય પોતાનું કલ્યાણ કરવા ઈચ્છતો હોય અને ધર્મ,અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવા માગતો હોય,તેણે શ્રીહરિનાં ચરણોનું સેવન કરવું એ જ એક માત્ર ઉપાય છે, સાધન છે.તું યમુના તટે વૃંદાવનમાં મધુવનમાં જા.ત્યાં ભગવાન નારાયણ હાજરાહજૂર છે ત્યાં શ્રીહરિનો નિત્ય નિવાસછે યમુના કૃપાળુ છે.યમુના મહારાણી કૃપાદેવીનો અવતાર છે.ભાગવત માં ચાર-પાંચ જગ્યાઓ એવી બતાવી છેકે,જ્યાં પરમાત્મા અખંડ વિરાજે છે શ્રીરંગમૂમ્મમાં અનંત શયનમ્ પદ્મનાભમ્ અખંડ વિરાજે છે.દ્વારિકામાં પણ ભગવાન અખંડ વિરાજે છે. બોડાણાની ભક્તિ અનન્ય હતી એટલે એક સ્વરૂપે ડાકોર આવ્યા છે. ગંડકી નદીના કિનારે પુલહ ઋષિના આશ્રમમાં ભગવાન અખંડ વિરાજે છે.વૃંદાવનમાં ભગવાન અખંડ વિરાજે છે.

વૃંદાવનએ પ્રેમભૂમિ છે. ત્યાં રહી ભજન કરવાથી મન જલદી શુદ્ધ થાય છે. વૃંદાવન એ દિવ્ય ભૂમિ છે. ત્યાં જીવ અને ઈશ્વરનું મિલન જલદી થાય છે. ધ્રુવજીએ પૂછ્યું,ત્યાં જઈ કેવી રીતે પરમાત્માની આરાધના કરવી.નારદજી કહે છે, ધ્યાન કરતાં પહેલાં ચતુર્ભુજ નારાયણ ભગવાનની માનસી સેવા કરજે. માનસી સેવામાં એક વસ્તુ ધ્યાન માં રાખવાની કે મનની ધારા તૂટે નહીં.સતત મન ઈશ્વરમાં પરોવાયેલું રહે.માનસી સેવા અતિ શ્રેષ્ઠ માની છે. વિરક્ત સાધુ સંન્યાસીઓ જે કશું રાખતા નથી તે માનસી સેવા કરે એ ઉત્તમ છે. ભગવાન શંકરાચાર્ય જેવા પણ શ્રીકૃષ્ણની સેવા કરતાં પણ ગૃહસ્થીઓ એકલી સેવા કરે તે ન ચાલે.

ગૃહસ્થીઓએ માનસી અને પ્રત્યક્ષ બંને સેવા કરવી જોઈએ. માનસી સેવાનો અતિ ઉત્તમ સમય સવારના ચારથી સાડા પાંચ સુધીનોછે.કોઈનું મુખ જોયા પહેલાં તે કરવી જોઈએ. પ્રાતઃકાળમાં ઊઠી ધ્યાન કરવાનું કે, હું ગંગાજીના કિનારે બેઠો છું. ગંગાજીમાં મનથી સ્નાન કરવું. તે પછી અભિષેક માટે ગંગાજળ લાવવાનું. મનથી લાવવાનું એટલે ચાંદીના લોટામાં લાવવાનું. ઠાકોરજી જાગ્યા પછી તેને આચમન કરાવવું.મંગલામાં પછી માખણ મિસરી લાવવાં, કારણ કે કનૈયો તો બધું માગે છે.પછી શ્રી કૃષ્ણને સ્નાન કરાવવું,શંકરને ઠંડું જળચાલે,પણ બાલકૃષ્ણને ગરમ જળથી નવડાવો. ઠાકોરજીને તે પછી શૃંગાર કરવો. શૃંગાર ન કરો તો પણ ભગવાન સુંદર જ છે, પણ શૃંગાર કરવાથી તમારું મન સુંદર થશે.આપણું મન બગડેલું છે, તેને શુદ્ધ કરવા શૃંગાર છે. શૃંગારમાં સમાધિ જેવો આનંદ મળે છે.શૃંગાર પછી પરમાત્માને સુંદર ભોગ ધરાવો. તે પછી તિલક કરો. આરતી ઉતારો. ભગવાનની આરતી ઊતારો ત્યારે હૃદય આર્દ્ર બનવું જોઈએ. આરતીનો ક્રમ આવો છેઃ ચરણ, સાથળ;વક્ષઃસ્થળ,મુખ અને પછી સર્વાંગની આરતી ઉતારવી. આરતી ઊતારો ત્યારે પ્રભુના દર્શન માટે આર્ત બનીને આરતી ઊતારો.ભગવાનનાં દર્શન કરતાં કરતાં ધ્યાન કરવાનું છે. શ્રીહરિનું સ્થિર મનથી ધ્યાન કરવું.ધ્યાન સાથે જપ થવો જોઈએ. કેટલાક જપ કરતી વખતે સંસારનું ધ્યાન કરે છે. એટલે જપ નિષ્ફળ ગયા છે એમ તો ન કહેવાય,પણ તેનું જોઈએ તેવું ફળ મળતું નથી. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે. દાનથી ધનની શુદ્ધિ થાય છે. ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે. જપ અને ધ્યાન સાથે થવા જોઈએ. જપ કરવા બેસો ત્યારે જે દેવનો જપ કરો તે મૂર્તિ ધ્યાન માંથી ખસે નહીં.જીભથી ભગવાનનું નામ લેવું, મનથી તેમનું સ્મરણ ધ્યાન કરવું, આંખોથી તેમનાં દર્શન કરવાં, કાનથી તેમના નામનું સ્મરણ કરવું.આ પ્રમાણે જપ કરવાના.પછી નારદજીએ ધ્રુવને મંત્ર આપ્યો!કહ્યું,‘ૐ નમો ભગવતે વાસુદેવાય’એ મહામંત્રનો તું સતત જપ કરજે.ભગવાનતારા ઉપર પ્રસન્ન થશે.મારો આશીર્વાદ છે તને છ મહિનામાં ભગવાન મળશે

ગીતાજીમાં ભગવાને કહ્યું છે, ઘણાં જન્મોને અંતે જીવ મને પ્રાપ્ત કરે છે.વિદ્વાનો અહીં ‘ઘણા’નો અર્થ ત્રણ જન્મ કરે છે. જ્ઞાનીઓએ, યોગીઓએ સંગિત પ્રારબ્ધ કર્મોનો ક્ષય કરવા પણ જન્મ તો લેવો જ પડે છે. પણ ભાગવત ધ્રુવ ચરિત્રમાં કહે છે કે, જપ કરવાથી છ મહિનામાં ભગવાન મળે છે.ધ્રુવજી કહે છે કે, એ ભાગવત ચરણોની છાયાને મેં છ માસમાં પ્રાપ્ત કરી લીધેલી. આ ખોટું નથી. અનુભવ કરી જો જો. પણ ધ્રુવની રીતે. હવે જે પ્રમાણે તપશ્ચર્યા કરેલી તે પ્રમાણે તપશ્ચર્યા કરજો. સાધન કરે એને સિદ્ધિ મળે છે. ધ્રુવજીએ અનેક જન્મથીતપશ્ચર્યા કરી છે. પૂર્વજન્મમાં છ માસમાં ધ્રુવને પરમાત્માનાં દર્શન થવાનાં હતાં.એના યોગને છ મહિના બાકી હતા. પૂર્વજન્મમાં ધ્રુવજી ધ્યાન કરતા હતા.ત્યાં રાજરાણી ને જોઈ ધ્રુવજીને રાજા બની સુખ ભોગવવાની વૃત્તિ થઈ.તેથી તેનો જન્મ રાજાને ત્યાં થયો હતો. નારદજી તે પછી ઉત્તાનપાદ રાજા પાસે ગયા. વિયોગમાં મનુષ્યના ગુણ યાદ આવેછે.ઉત્તાનપાદ રાજા પસ્તાય છે,ધ્રુવના ગુણ યાદ કરે છે. નારદજીએ મનમાં વિચાર કર્યો,આ મારા ચેલાનો બાપ છે,તેથી તેનો ઉદ્ધાર કરવો પડશે. એ સુરુચિમાં ફસાયો છે. તે જો જીભને વશ કરશે તો તેની સુરુચિ નો મોહ ઓછો થશે.એમણે રાજા ને કહ્યું કે, તું છ માસ કેવળ દૂધ ઉપર રહેજે અને અનુષ્ઠાન કરજે. ધ્રુવજી મધુવનમાં આવ્યા છે. પ્રથમ દિવસે ઉપવાસ કર્યો છે. પછી ધ્રુવ ત્રણ દિવસ એક આસને બેસી ધ્યાન કરે છે. કેવળ ફળાહાર કરે છે.અન્નનો આહાર કરવાથી શરીરમાં રજોગુણ વધે છે. ફળાહાર કરવાથી શરીરમાં સત્ત્વગુણ વધે છે.આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે અહીં અટકીએ આવતી કાલથી નવલાં નોરતાની શરૂઆત થશે નવ દશ દિવસ સુધી શક્તિ ભવાનીના ગુણગાન ગાઈશું.અસ્તુ.

### 'હેરાફેરી'ના પ્રોડ્યૂસરે મોકલી નોટિસ

# 'બાબુરાવ'ના કારણે કપિલ શર્મા ફરી મુશ્કેલીમાં મૂકાયો!

**ફિરોઝ નડિયાડવાલાની મંજૂરી લીધા વગર તેમની ફિલ્મ 'હેરાફેરી'નું જાણીતું પાત્ર બાબુરાવને શોમાં દર્શાવવામાં આવ્યું હતુ**

કોમેડી કપિલ શર્માનો શો કાયદાની મુશ્કેલીમાં ફસાયો છે. નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ Netflixને નોટિસ ફટકારી છે. આ નોટિસ ફેસમ સેલિબ્રિટી વકીલ સના રઈસે ફિરોજ તરફથી મોકલી છે.વાત એવી છે હાલમાં જ 'ધ કપિલ શર્મા શો'નો એક પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો હતો. આ પ્રોમોમાં જોવા મળી રહ્યું છે કે અભિનેતા અક્ષય કુમાર તેની ફિલ્મ 'Jolly LLB 3'ના પ્રમોશન માટે 'ધ કપિલ શર્મા શો'માં પહોંચ્યો હતો. આ શોમાં કીકૂ શારદા 'બાબુરાવ'ની ભૂમિકામાં નજર આવી હતી. કીકૂ 'બાબુરાવ'ના લૂકની કોપી જ નહીં પણ સાથે બાબુરાવનો ફેમસ ડાયલોગ પણ બોલતો નજર આવે છે. હવે કીકૂ શારદાએ 'બાબુરાવ'ની કરેલી કોપીના કારણે નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ Netflix ને નોટિસ ફટકારી છે. 'ધ કપિલ શર્મા શો' પર આરોપ લગાવવામાં આવ્યો છે કે ફિરોઝ નડિયાડવાલાની મંજૂરી લીધા વગર તેમની ફિલ્મ 'હેરાફેરી'નું જાણીતું પાત્ર બાબુરાવને દર્શાવવામાં આવ્યું છે. આ માત્ર કાયદાનો ભંગ જ નથી, પરંતુ વ્યાપારી રીતે કરવામાં આવેલી ચોરી પણ છે. વકીલ સના રઈસે નોટિસમાં લખ્યું છે કે, 'બૌદ્ધિક સંપત્તિ કોઈ સામાન્ય વસ્તુ નથી. તે ક્રિએટિવિટીની આત્મા છે. મારા ક્લાયંટની ફિલ્મના આઈકોનિક પાત્રનો વગર મંજૂરીએ ઉપયોગ કરવામાં આવ્યો છે. કાયદો આવા અધિકારીઓની નબળાઈને સહન કરશે નહીં, જે કાયદાની રીતે પ્રાપ્ત કરવામાં આવી નથી.'Netflixને આ નોટિસ મોકલનાર વકીલનું નામ સના રઈસ છે. તે એ જ વકીલ છે જેણે આર્યન ખાન અને શીના બોરા કેસમાં ઈન્દ્રાણી મુખર્જીને જામીન અપાવ્યા હતા. તે ઘણા ટોચના ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ અને સેલિબ્રિટીઓના કેસ પણ સંભાળે છે.



### સિડનીને અપાયેલી ઓફરમાં ૪૧૫ કરોડ રૂપિયા ફી અને ૧૧૫ કરોડ રૂપિયા સ્પોન્સરશિપ ડીલ સામેલ છે

# સિડની સ્વીનીને બોલીવૂડ નિર્માતા દ્વારા ૫૩૦ કરોડની ઓફર કરાઈ

હોલીવૂડ કલાકાર સિડની સ્વીનીને એક ભારતી ફિલ્મ નિર્માણ કંપનીએ એક ઈન્ડો અમેરિકન પ્રોજેક્ટમાં કામ કરવા માટે ૫૩૦ કરોડની ઓફર આપી હોવાનું કહેવાય છે. સિડની પોતે આ ઓફરથી એકદમ ડઘાઈ ગઈ છે અને તેણે કોઈ તત્કાળ પ્રતિક્રિયા આપી નથી. સિડનીને અપાયેલી ઓફરમાં ૪૧૫ કરોડ રૂપિયા ફી અને ૧૧૫ કરોડ રૂપિયા સ્પોન્સરશિપ ડીલ સામેલ છે. સિડનીને એક ભારતીય સેલિબ્રિટી સાથે પ્રેમમાં પડેલી અમેરિકી સ્ટારનો રોલ ઓફર કરાયો છે. ફિલ્મનું શૂટિંગ આવતા વરસે લંડન, દુબઈ,ન્યુયોર્ક અને પેરિસમાં કરવામાં આવશે. સિડની આ ઓફર સ્વીકારશે તો બોલીવૂડનાં કોઈ પ્રોડકશન માટે કોઈ સ્ટારને મળેલી મોંઘામાં મોંઘી ફી હશે. ફિલ્મને આંતરરાષ્ટ્રીય સ્તરની બનાવવા માટે સિડનીને આ રોલ ઓફર કરાયો છે. સિડનીને અપાયેલી ઓફરમાં ૪૧૫ કરોડ રૂપિયા ફી અને ૧૧૫ કરોડ રૂપિયા સ્પોન્સરશિપ ડીલ સામેલ છે. સિડનીને એક ભારતીય સેલિબ્રિટી સાથે પ્રેમમાં પડેલી અમેરિકી સ્ટારનો રોલ ઓફર કરાયો છે. ફિલ્મનું શૂટિંગ આવતા વરસે લંડન, દુબઈ,ન્યુયોર્ક અને પેરિસમાં કરવામાં આવશે. સિડની આ ઓફર સ્વીકારશે તો બોલીવૂડનાં કોઈ પ્રોડકશન માટે કોઈ સ્ટારને મળેલી મોંઘામાં મોંઘી ફી હશે. ફિલ્મને આંતરરાષ્ટ્રીય સ્તરની બનાવવા માટે સિડનીને આ રોલ ઓફર કરાયો છે. સિડનીને અપાયેલી ઓફરમાં ૪૧૫ કરોડ રૂપિયા ફી અને ૧૧૫ કરોડ રૂપિયા સ્પોન્સરશિપ ડીલ સામેલ છે. સિડનીને એક ભારતીય સેલિબ્રિટી સાથે પ્રેમમાં પડેલી અમેરિકી સ્ટારનો રોલ ઓફર કરાયો છે. ફિલ્મનું શૂટિંગ આવતા વરસે લંડન, દુબઈ,ન્યુયોર્ક અને પેરિસમાં કરવામાં આવશે.



### સમંથાએ કહ્યું કે પહેલાં તેને ડર લાગતો હતો

# 'બે વર્ષમાં ભલે કોઈ ફિલ્મ ન આવી હોય, પણ હું સૌથી વધુ ખુશ છું'




### મને ખબર છે કે મારા ઘણા ફોલોઅર્સ મારી ગ્લેમરસ લાઇફ જોવા અને મારી ફિલ્મ જોવા માટે મને ફોલો કરે છે

એવું લાગે છે કે સમંથા રુથ પ્રભુને રોગપ્રતિકારક શક્તિને લગતી બીમારી માયસોટાઈસે વધુ મજબૂત બનવામાં મદદ કરી છે. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યૂમાં પોતાની શારિરીક તકલીફો અને કૅરિઅર પ્રત્યે દૃષ્ટિકોણ વિશે વાત કરી હતી. મંગળવારે તે ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશનના દિલ્હી ખાતે યોજાયેલા ૫૨મા નેશનલ મેનેજમેન્ટ કન્વેન્શનમાં હાજર રહી હતી. સમંથાએ કહ્યું કે હવે તે આ રેસનો ભાગ બનવા માગતી નથી અને તેને કોઈ ફિલ્મ જીતી જવાની ઈચ્છા નથી. આ અંગે તેણે કહ્યું, ''મારા આ પહેલાના અવતારની વર્ષમાં પાંચ ફિલ્મ રિલીઝ થતી હતી, કારણ કે ત્યારે એક સફળ કલાકારની એ જ નિશાની હતી. એક બ્લોક બસ્ટર હોવી જોઈએ અને તમે ટોપ ૧૦ એક્ટર્સના લિસ્ટમાં હોવા જોઈએ. તે સિવાય મોટી મલ્ટિનેશનલ બ્રાન્ડનું એન્ડોર્સમેન્ટ પણ કરવું પડતું હતું. બે વર્ષથી મારી એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી, હું કોઈ ટોપ લિસ્ટમાં પણ નથી. મેં ૧૦૦ કરોડની ફિલ્મ કરી નથી, પરંતુ હું અત્યારે સૌથી વધુ ખુશ છું.''આગળ સમંથાએ કહ્યું કે પહેલાં તેને ડર લાગતો હતો. તેણે કહ્યું, ''હું એટલી નાજુક હતી. દરેક શુક્રવારે હું બદલાઈ જતી અને મને ચિંતા થઈ આવતી, કે કાલે કોઈ મારી જગ્યા લઈ લેશે તો, મારી ફિલ્મ કોઈ બીજાને મળી જશે. મારું સમગ્ર જીવન જ મારાં પોતાનાં મુલ્ય અને શુક્રવારની ગણતરીઓ પર નિર્ભર થઈ ગયું હતું.''સમંથાએ પોતાના જીવનમાં પરિવર્તન લાવવા ઘણા પ્રયત્ન કર્યા છે. તેણે કહ્યું, ''મને ખબર છે કે મારા ઘણા ફોલોઅર્સ મારી ગ્લેમરસ લાઈફ જોવા અને મારી ફિલ્મ જોવા માટે મને ફોલો કરે છે. મારી પોડકાસ્ટમાંથી તેમને મારી હેલ્થ વિષે પણ જાણવા મળે છે.

# ૫૦ વર્ષે પણ કેમ પરણી નથી? અમિષા પટેલે ખુલાસો કર્યો

**અમિષાની ફિલ્મની વાત કરવામાં આવે તો તે છેલ્લે સની દેઓલ સાથે ગદ્દર ૨માં જોવા મળી હતી**

બોલિવૂડમાં રિતિક રોશન સાથે 'કહો ના પ્યાર હે' જેવી સુપર હિટ ફિલ્મથી ડેબ્યુ કરનારી અને 'ગદ્દર' જેવી સફળ ફિલ્મથી જાણીતી થઈ ગયેલી અમિષા પટેલ આજે ૫૦ વર્ષની ઉંમરે પણ પરણી નથી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાના આ નિર્ણય અંગે ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે તેને એક્ટિંગ મુકી દેવા કહેવાયું હતું, તેથી તેણે લગ્નની ના પાડી દીધી હતી. તેણે કહ્યું કે તેને આજે પણ તેનાથી અડધી ઉમરના છોકરાઓની લગ્ન માટેની વાતો આવે છે.તાજેતરમાં અમિષા પટેલ એક યૂટ્યુબ પોડકાસ્ટમાં હાજર રહી હતી, તેણે જણાવ્યું, ''જે લોકો તમને પ્રેમ કરે છે, તે તમને કારકિર્દીમાં આગળ વધવા દેશે. મેં મારા કૅરિઅર માટે ઘણું ગુમાવ્યું છે, સામે મેં પ્રેમ માટે પણ ઘણું ગુમાવ્યું છે. ઉદાહરણ તરીકે, હું એક સિરીયસ રિલેશનશિપમાં હતી, એ હું ફિલ્મમાં જોડાઈ તે પહેલા હતી. એ પણ મારી જેમ સાઉથ બોમ્બેના એક મોટા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ પરિવારમાંથી આવતો હતો. અમારું બંનેનું બેકગ્રાઉન્ડ અને શિક્ષણ બધું જ સરખું હતું. બંનેના પરિવારો પણ સરખાં હતાં. બધાં જ ચોકઠાંમાં બંધ બેસે એવો સંબંધ હતો, પરંતુ મેં જ્યારે ફિલ્મમાં જવાનો નિર્ણય લીધો તો, મારા પાર્ટનરની ઈચ્છા નહોતી કે તેની વ્યક્તિ જાહેરમાં લોકોના ધ્યાનમાં આવે અને આ રીતે મેં પ્રેમથી ઉપર કેરિઅરની પસંદગી કરી.''અમિષા લગ્ન સંસ્થામાં વિશ્વાસ ધરાવે છે કે નહીં, તે અંગે તેણે કહ્યું, ''હું લગ્ન કરવા તૈયાર જ છું, જો કોઈ એટલું મહત્વનું મળે તો. જો ઈચ્છા હોય તો બધું જ થઈ શકે. જો કોઈ વ્યક્તિને હું દરેક પરિસ્થિતિ માટે યોગ્ય લાગું તો મૌકે પે ચૌકા માર લેંગે. મને હજુ પણ ઘણા સમૃદ્ધ પિરવારોમાંથી સારી પ્રપોઝલ આવે છે. મારાથી અડધી ઉમરના લોકો મને ડેટ પર લઈ જવા તૈયાર છે. મને પણ તેમાં કોઈ વાંધો નથી કારણ કે વ્યક્તિ મનથી મેચ્યોર હોવો જોઈએ. હું એવા પણ ઘણા લોકોને મળી છું, જે મારાથી ઘણા મોટા હોય તો પણ માખી જેવું નાનું મગજ હોય.''જો અમિષાની ફિલ્મની વાત કરવામાં આવે તો તે છેલ્લે સની દેઓલ સાથે ગદ્દર ૨માં જોવા મળી હતી. ત્યાર પછી તેનો બેગ માટેનો પ્રેમ દર્સાવતો ફરાહ ખાનનો વ્લોગ ઘણો વાયરલ થયો હતો. જોકે, તેણે પોતાની આગામી ફિલ્મ માટે હજુ કોઈ જાહેરાત કરી નથી.



### ૨૦૨૫ના અંત સુધીમાં શક્તિ શાલિનીનું કામ શરૂ થઈ જશે


# 'શક્તિ શાલિની'માં 'સૈયારા' સ્ટાર અનીત પડ્ડાને લીડ રોલ ઓફર થયો નથી

જ્યારથી ૨૦૧૮માં દિનેશ વિજાનના મેડોક ફિલ્મ્સની 'સ્ત્રી' સફળ થઈ ત્યારથી હોરર કોમેડી જોનર ચર્ચામાં રહ્યો છે. ત્યાર પછી તો મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં 'ભેડિયા', 'મુંજ્યા' અને 'સ્ત્રી ૨' આવી અને આ યુનિવર્સ વિસ્તરતું રહ્યું છે. તેના કારણે તેની આવનારી ફિલ્મ વિશે પણ ઘણી આતુરતા અને ચર્ચા રહે છે. ત્યારે તાજેતરમાં એવા અહેવાલો ફરતા થયા હતા કે 'સૈયારા' સ્ટાર અનીત પડ્ડા મેડોકની આવનારી હોરર કોમેડી ફિલ્મ 'શક્તિ શાલિની'માં લીડ રોલમાં જોવા મળશે. સૂત્રો આધારીત અહેવાલોમાં કહેવાયું હતું, ''દિનેશ વિજાન પોતાના યુનિવર્સમાં કેટલીક નવી તાકાત અને શક્તિશાળી પાત્રો ઉમેરવા માગતા હતા અને અનીત પડ્ડા છેલ્લા બે મહિનાથી તેમની સાથે ચર્ચામાં હતી. તેમને સૈયારામાં અનીતનું કામ ગમ્યું હતું. તેથી તેઓ તેમના હોરર કોમેડીના આગામી પ્રકરણમાં અનીત સાથે આગળ વધવા માગતા હતા.''આ અહેવાલોમાં એવો પણ દાવો કરાયો હતો કે ૨૦૨૫ના અંત સુધીમાં શક્તિ શાલિનીનું કામ શરૂ થઈ જશે. મુંજ્યા ડિરેક્ટ કરનાર આદિત્ય સારપોતદાર આ ફિલ્મ ડિરેક્ટ કરશે અથવા તો ટબ્બર ડિરેક્ટ કરનાર અજિતપાલ સિંઘ પણ ચર્ચામાં છે એવી પણ વાત હતી. જોકે, મેડોક ફિલ્મ્સે આ બધાં જ દાવાઓ અને અહેવાલોને ફગાવી દીધા છે. તેમણે ઓફિશિયલ પોસ્ટ કરીને સ્પષ્ટતા કરી છે કે આ બધી જ માત્ર ધારણાઓ અને અફવાઓ છે. મેડોક ફિલ્મ્સના સોશિયલ મીડિયા પેજ પર એક નિવેદન જાહેર કરાયું છે, જેમાં લખ્યું છે, ''અમે હોરર કોમેડી યુનિવર્સ આસપાસની ઉત્સુકતા સમજી શકીએ છીએ, પરંતુ અમે એ સ્પષ્ટ કરવા માગીએ છીએ કે અમારી આવનારી ફિલ્મ શક્તિ શાલિની કે મહા મુંજ્યાના કાસ્ટિંગ બાબતના કોઈ પણ અહેવાલો માત્ર ધારણાઓ છે. અમે માધ્યમોને આ ખોટી માહિતીને અવગણવા અને અમારી ઓફિશીયલ જાહેરાત માટે રાહ જોવા અપીલ કરીએ છીએ.''જોકે, આ સ્પષ્ટતા પુરાવો છે કે શક્તિ શાલિની બાબતે હજુ કોઈનું પણ કાસ્ટિંગ પાક્કું થયું નથી. હવે ફૅન્સે મેડોક ફિલ્મ્સની ઓફિશીયલ જાહેરાત માટે રાહ જોવી પડશે. પછી ખ્યાલ આવશે કે આ ફિલ્મમાં લીડ કલાકારો અને ડિરેક્ટર કોણ હશે.આ અહેવાલોમાં એવી પણ વાત હતી કે, શક્તિ શાલિની માટે ઘણા કલાકારો રેસમાં હતાં, પરંતુ છેલ્લે અનીત નક્કી થઈ હતી. હાલ દિનેશ વિજાન આયુષ્યમાન ખુરાના અને રશ્મિકા મંદાના સાથે થામાને દિવાળી પર રિલીઝ કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. તેના પછી શક્તિ શાલિની પર કામ શરૂ થશે. એટલું જ નહીં, તેઓ આલિયા ભટ્ટ સાથે 'ચામુંડા'ની પણ તૈયારી કરી રહ્યા છે.



### કેટરિના કૈફે મેકઅપ, માઇન્ડસેટ અને પોતાની બ્યૂટી બ્રાન્ડ વિશે વાત કરી

# 'પરિવારે મને દૃષ્ટિકોણ, શાંતિ, અને તાકાત આપી'




**સૌથી મોટો ફરક એ આવ્યો છે કે હવે સુંદરતા એ ચોક્કસ ધારાધોરણો કે નિયમો અનુસરવાને બદલે પોતાના વ્યક્તિત્વની ઉજવણી બની રહી છે**

કેટરિનાની ગણતરી ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ કમાણી કરાવી શકતી એક્ટ્રેસમાં થાય છે. તેણે છેલ્લા બે દાયકાથી ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક ખાસ જગ્યા બનાવી લીધી છે. તેણે મૌન રહીને ભારતીય સુંદરતા અને આન્ત્રપ્રિન્યોરશિપને એક નવી પરિભાષા આપી છે. દેશમાં અનેક સેલેબ્રિટીની પોતાની બ્યુટી બ્રાન્ડ છે, તેમાં કેટરિનાની કે બ્યુટીએ ઈન્ડસ્ટ્રીના લોકો અને દેશની સામાન્ય જનતા વચ્ચે પોતાનું એક વિશ્વાસપાત્ર નામ બનાવ્યું છે. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યુમાં બોલિવૂડ અને બ્યુટી ઈન્ડસ્ટ્રી વિશે ખુલીને વાત કરી છે.કૅમેરા સામે કામ કરતાં એક બ્યુટી બ્રાન્ડ શરૂ કરવાની સફર વિશે કેટરિનાએ કહ્યું, ''કેમેરા સામે આટલાં વર્ષ રહેવાથી મને મેક અપ વિશે ઘણી ઊંડી સમજ મળી ગઈ હતી. પરંતુ આન્ત્રપ્રિન્યોર બનવા માટે અલગ માઈન્ડસેટની જરૂર છે. એક કલાકાર તરીકે તમારું ધ્યાન શોટમાં એક્ટિંગ કરવા પર કેન્દ્રિત હોય છે. જ્યારે કે બ્યુટી માટે લાંબા ગાળાના વિઝનની જરૂર હતી, જે સમયની કસોટી પર ખરી ઉતરી શકે એવી પ્રોડક્ટ્સ આપી શકે અને બ્રાન્ડની આસપાસ એક અલગ દુનિયા બનાવી શકે. મેં હંમેશા મારાથી પણ કશુંક મોટું બનાવવાની કોશિશ કરી છે. એક એવી બ્રાન્ડ બનાવવાની કોશિશ કરી છે, જે દરેકને તેમની પોતાની લાગે.''આ બ્રાન્ડ પાછળના અભ્યાસ અંગે કેટરિનાએ કહ્યું, ''હું નસીબદાર હતી કે મને દુનિયાના સૌથી ટેલેન્ટેડ હેર અને મેક અપ આર્ટીસ્ટ સાથે કામ કરવાની તક મળી હતી. તેમની સાથે કામ કરીને મારી સુંદરતાને જોવાની એક દૃષ્ટિ વિકસી. હું એમની ટેકનિક્સ જોતી અને સમજતી અને સમય જતાં હું મારી જાતે મારો મેક અપ કરતી થઈ. હું ફિલ્મ અને સ્ટેજ શો માટે પણ જાતે મેક અપ કરતી. આ અનુભવે મને મેક અપની ફોર્મ્યુલા સમજતા શીખવ્યું. આ બ્રાન્ડના માર્કેટમાં ઓથેન્ટિક રહેવું જરૂરી છે. જો તમારી વસ્તુઓ અને તમારી વાત લોકોને સાચા લાગશે તો જ લોકો તેની સાથે જોડાશે.''જ્યારે એક્ટિંગ અને બિઝનેસ વચ્ચે તાલમેલ જાળવવામાં પરિવારના સહકાર અંગે કેટરિનાએ જણાવ્યું કે, ''મારો પરિવાર હંમેશા મારા માટે માર્ગદર્શક રહ્યો છે.

# ભારતીય ફિલ્મ 'હોમબાઉન્ડ' ઓસ્કાર ૨૦૨૬ માટે પસંદગી પામી

**આ ફિલ્મ ઉત્તર ભારતના એક નાના ગામના બે બાળપણના મિત્રોની વાર્તા કહે છે જેઓ પોલીસની નોકરી મેળવવા માટે પ્રયત્નશીલ રહે છે**



હિન્દી ફિલ્મ 'હોમબાઉન્ડ' ને ૨૦૨૬ ના એકેડેમી એવોર્ડ્સ માટે શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ કેટેગરીમાં ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સમાં, પસંદગી સમિતિના અધ્યક્ષ એન ચંદ્રાએ જણાવ્યું હતું કે ભારતની વિવિધ ભાષાઓમાં ૨૪ ફિલ્મો દોડમાં હતી અને તેમાંથી 'હોમબાઉન્ડ' પસંદ કરવામાં આવી છે.ચંદ્રાએ કહ્યું, ''આ ખૂબ જ મુશ્કેલ પસંદગી હતી. આ એવી ફિલ્મો હતી જેણે લોકોના જીવનને સ્પર્શી હતી. અમે જજ નહીં પરંતુ કોચ હતા. અમે એવા ખેલાડીઓ શોધી રહ્યા હતા જેમણે છાપ છોડી હોય.''ઓસ્કાર માટે ફિલ્મની પસંદગી અંગે નિર્માતા કરણ જોહરે કહ્યું, ''અમને ખૂબ જ સન્માન છે કે 'હોમબાઉન્ડ' ને એકેડેમી એવોર્ડ્સમાં ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. નીરજ ઘાયવાનની મહેનત ચોક્કસપણે વિશ્વભરના લાખો હૃદયમાં સ્થાન મેળવશે.''''હોમબાઉન્ડ'' ના દિગ્દર્શક નીરજ ઘાયવાને કહ્યું, ''મને ખૂબ ગર્વ છે કે ''હોમબાઉન્ડ'' ને ઓસ્કારમાં ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. આપણી ભૂમિ અને આપણા લોકો પ્રત્યેના પ્રેમમાં મૂળ ધરાવતી, તે આપણા બધાના ઘરના સારને કબજે કરે છે. આપણી વાર્તાઓને દુનિયા સમક્ષ લાવવી અને સિનેમાના સૌથી મોટા વૈશ્વિક પ્લેટફોર્મમાંના એક પર ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ પણ ગર્વની વાત છે, અને હું તેના માટે ખૂબ આભારી છું.''''હોમબાઉન્ડ'' માં ઈશાન ખટ્ટર, વિશાલ જેઠવા અને જાહ્નવી કપૂર છે. આ ફિલ્મ ઉત્તર ભારતના એક નાના ગામના બે બાળપણના મિત્રોની વાર્તા કહે છે જેઓ પોલીસની નોકરી મેળવવા માટે પ્રયત્નશીલ રહે છે, જે તેમને લાંબા સમયથી અભાવ ધરાવતો આદર આપે છે. ફિલ્મના નિર્માતાઓએ પોસ્ટર સાથે તેની વિશ્વવ્યાપી રિલીઝની જાહેરાત કરી. આ ફિલ્મ ૨૬ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં આવવાની છે.



મહેસૂલ, દબાણ, આરોગ્ય,પોષણ, સિંચાઈ, બાળશ્રમ, આંગણવાડી, પુરવઠા,રોડ-રસ્તા, સ્વચ્છતા જેવા મુદ્દે અંગે છણાવટ કરવામાં આવી

# જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ




। અમદાવાદ, તા.૨૦ ।

કલેકટર કચેરી, નડિયાદ ખાતે સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિ અને કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં આજ રોજ જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના મહેસૂલ, દબાણના, આરોગ્ય,પોષણ અભિયાન, સિંચાઈના, બાળશ્રમ, આંગણવાડી, પુરવઠા અને રોડ-રસ્તા વિશે, કોર્પોરેશનના, સ્વચ્છતા અભિયાન તેમજ તહેવારો અંતર્ગત કાયદા અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિત અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા સંકલન બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા યુવાનોમાં નશાનું વધતું પ્રમાણ અટકાવવા અને યુવાનોમાં અંગે જાગૃતિ ફેલાવવા હેતુસર પી.ડી.પટેલ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલને તેમના દ્વારા ચલાવવામાં આવતા રીહેબિલિટેશન સેન્ટર અંગે માહિતી આપવા માટે પ્રેઝન્ટેશન રજૂ જણાવ્યું હતું. જે સંદર્ભે તેમના દ્વારા ડ્રગ્સ, દારૂ અને તમાકુનો નશો છોડાવવા માટે ૩૦ દિવસના તાલીમ મોડ્યુલ અંગે માહિતી આપવામાં આવી હતી. વધુમાં તેમના દ્વારા કરવામાં આવતા નશા મુક્તિ કાર્યક્રમો, ફ્રી મેડિકલ કેમ્પ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. પ્રેઝન્ટેશન બાદ સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ દ્વારા સમગ્ર ખેડા જિલ્લામાં આઉટરીઝ એક્ટિવિટીના માધ્યમથી યુવાનોમાં જાગૃતિ વધે તે અંગે કાર્યવાહી કરવા સૂચન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી દ્વારા દરેક ગામ સ્તરે આ આઉટરીજ એક્ટિવિટીના માધ્યમથી યુવાનોમાં ડ્રગ દારૂ અને તમાકુ નો નશો છોડાવવા માટે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રના સહયોગથી નશામુક્ત ભારત અભિયાનમાં સહભાગી બનવા માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં નડિયાદના ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, મહેમદાવાદના ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ અને માતરના ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમારે પણ તેમના વિસ્તારને લાગુ પડતી બાબતો અને પ્રશ્નોની રજૂઆત કરી હતી. મહાનગરપાલિકાના કમિશનર શ્રી જી.એસ.સોલંકીએ વર્તમાન પરિસ્થિતિને જોતા વાઈરલ અને મચ્છરજન્ય રોગો અટકાવવા માટે સ્વચ્છતા અભિયાન પર વધારે ધ્યાન આપવા જણાવેલ હતું. જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક અંતર્ગત માતર, નડિયાદ, કપડવંજ અને મહેમદાવાદ ખાતે નવા બ્રાન્ચ એફ.પી.એસ( સસ્તા અનાજની દુકાન) મંજૂર કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. દિવાળી નજીકના સમયમાં આવી રહી છે તો અનાજ પૂરવઠાના જથ્થાનું વિતરણ છેવાડાના માનવી સુધી સમયસર થઈ જાય તેની ખાસ કાળજી રાખવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી. જિલ્લા સંકલન બેઠક અંતર્ગત નિવાસી અધિક કલેકટરશ્રી જે.બી.દેસાઈ દ્વારા આગામી સમયમાં યોજાનાર વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા હી સેવા અંતર્ગત મહાનગરપાલિકા નગરપાલિકા અને ગ્રામ્ય સ્તરે આયોજિત થનાર સ્વચ્છતા કાર્યક્રમ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# યૂટીએસ એપ તથા એટીવીએમથી ટિકિટ લેવી થઈ વધુ સરળ હવે અનરિઝર્વ્ડ ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં

। (રેલવે) અમદાવાદ, તા.૨૦ ।

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગની પ્રક્રિયાને વધુ સરળ અને સુગમ બનાવી દેવામાં આવી છે. હવે યાત્રીઓને જનરલ ટિકિટ (અનરિઝર્વ્ડ ટિકિટ) લેવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવાની કોઈ જરૂર નથી. રેલવેએ યાત્રીઓને બે સુવિધા આપી છે – યૂટીએસ મોબાઈલ એપ (UTS App) અને ઑટોમેટિક ટિકિટ વિતરણ મશીન (ATVM). આ બંને માધ્યમોથી યાત્રી પોતે ટિકિટ બુક કરી શકે છે, જેનાથી સમય અને ધન બંનેની બચત થાય છે. યૂટીએસ એપ (UTS APP) ની વિશેષતાઓ: ● યાત્રી પોતાના મોબાઈલ ફોનથી ઘેર બેઠા જ ટિકિટ બુક કરી શકે છે. ● યાત્રા ટિકિટ, સીઝન ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ. ● ચુકવણી માટે UPI, ડેબિટ/ક્રેડિટ તથા R-Wall[a] નો વિકલ્પ ઉપલબ્ધ. ● R-Wall[a] રિચાર્જ પર ૩% બોનસ રકમ મેળવો. ● ટિકિટ બારી પર લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં. ● સમય અને પૈસાની બચત. ● પૈસાની સમસ્યા નહીં. ● પેપરલેસ ટિકિટની સુવિધા, જે પર્યાવરણને અનુકૂળ છે. એટીવીએમ (ATVM) ની વિશેષતાઓ: ● યાત્રી સ્ટેશન પર આવેલા છ્ફસ મશીનથી પોતે ટિકિટ બુક કરી શકે છે. ● યાત્રા ટિકિટ, સીઝન ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ. ● ચુકવણી માટે UPI ઊઇ કોડ તથા રેલવે સ્માર્ટ કાર્ડની સુવિધા. ● રેલવે સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર ૩% બોનસ રકમ મેળવો. ● ટિકિટ બારીની લાંબી લાઈનોથી મુક્તિ. ● સમય અને પૈસા બંનેની બચત. ● છુટ્ટા પૈસાની સમસ્યા નહીં. પશ્ચિમ રેલવે યાત્રીઓને અનુરોધ કરે છે કે તેઓ આ આધુનિક સુવિધાઓનો લાભ ઉઠાવે અને પોતાની યાત્રાને સરળ અને સુવિધાજનક બનાવે. યૂટીએસ એપ અને એટીવીએમ મારફતે બુકિંગ કરીને યાત્રી ફક્ત પોતાનો સમય જ નથી બચાવી શકતા, પરંતુ ડિજિટલ ઈન્ડિયા અભિયાનમાં સહભાગી પણ બની શકે છે.

# અમદાવાદના વેપારીને સુરતની ઠગ ટુકડીએ ૮.૫૪ કરોડનો ચૂનો લગાવ્યો, ફરિયાદ નોંધાવતાં પોલીસ તપાસ આદરી

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદમાં રહેતા અને ચાંગોદરમાં ફાર્મા રો મટિરિયલનો પ્લાન્ટ ધરાવતા સાગર દેસાઈને મળી ગયેલા પ્રિઝમ એલાયન્સના સંચાલકો અને એક બ્રોકરે સાથે મળી ૮.૫૪ કરોડનો ચૂનો લગાવ્યો હતો. આ ટુકડીએ ઉધારમાં માલ લઈને ચૂકવણી ન કરતાં સાગર દેસાઈએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ વધુ તપાસ આદરી છે. અમદાવાદના પોશ મલ્હાર બંગલોઝમાં રહેતા સાગર અનિલ દેસાઈ ચાંગોદરમાં અલ્કોવ ઈન્ટરનેશનલ ડ્રગ નામની કંપની ધરાવે છે. તેમની માતા અમીબેન અને બહેન પ્રિયંકા દેસાઈની બે અન્ય કંપનીઓનું સંચાલન પણ તેઓ જ કરે છે. ત્રણેય કંપનીઓની રજિસ્ટર્ડ ઓફિસ પ્રહલાદનગર ક્રોસ રોડ નજીકની ઈસ્કોન એલિગન્સ બિલ્ડિંગમાં છે.ફેબ્રુઆરી ૨૩માં બ્રોકર પરાગ શાહે સાગર દેસાઈનો સંપર્ક કરી પ્રિઝમ એલાયન્સ પ્રા. લી.ના ડિરેક્ટરો – વિકાસ શર્મા, ગજાનંદ શર્મા, બબલુ રવીન્દ્ર પાઠક અને રાહુલ ચુડાસમાની ઓળખાણ કરાવી હતી. પરાગે જણાવ્યું હતું કે આ ડિરેક્ટરો પણ ફાર્માસ્યુટિકલ્સ રો મટિરિયલના વેપારમાં જોડાયેલા છે અને તેમને મોટા પાયે મટિરિયલની જરૂર છે. સાગર દેસાઈએ પોતાના ચાંગોદર સ્થિત પ્લાન્ટમાંથી રો મટિરિયલ મોકલવાનું શરૂ કર્યું. માલ ૯૦ દિવસની ઉધારીએ આપવામાં આવતો હતો. વિશ્વાસના આધારે સાગરે પોતાની ત્રણેય કંપનીઓમાંથી કુલ ૮.૫૪ કરોડનું રો મટિરિયલ મોકલ્યું. પરંતુ નક્કી કરેલા સમય પછી પણ પ્રિઝમ એલાયન્સ તરફથી પૈસા આવ્યા નહોતા. ડિરેક્ટરો અને બ્રોકર પરાગ શાહે મળીને સાગર દેસાઈ સાથે છેતરપિંડી કરી હતી. સાગર દેસાઈએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે. ઈન્સ્પેક્ટર જે.કે. ડાંગરની ટીમે પ્રિઝમ એલાયન્સના ચારેય ડિરેક્ટરો અને બ્રોકર પરાગ શાહ સામે તપાસ શરૂ કરી છે.

# સાબરમતી રેલવે હોસ્પિટલમાં "સ્વસ્થ નારી, સ્વસ્થ પરિવાર": હેઠળ મહિલાઓના પોષણ અને સ્વાસ્થ્ય પર જાગૃતિ સત્ર આયોજિત

## બેઝિક લાઈફ સપોર્ટ (BLS) અને CPR વિશે આપી માહિતી



। (રેલવે) અમદાવાદ, તા.૨૦ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રાષ્ટ્રવ્યાપી પહેલ "સ્વસ્થ નારી સ્વસ્થ પરિવાર અભિયાન" હેઠળ મહિલાઓના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું. આ અભિયાન નિવારક સ્વાસ્થ્ય સેવા, જાગૃતિ કાર્યક્રમો અને સામુદાયિક ભાગીદારી મારફતે મહિલાઓને સશક્ત બનાવવા પર કેન્દ્રિત છે, જેનાથી મજબૂત પરિવારો અને સ્વસ્થ સમાજનો પાયો મૂકી શકાય. "સ્વસ્થ નારી, સ્વસ્થ પરિવાર" અભિયાન હેઠળ સાબરમતી મંડળ રેલવે હોસ્પિટલમાં એક સ્વાસ્થ્ય જાગૃતિ વાર્તાનું આયોજન કરવામાં આવ્યું. વાર્તાનું સંચાલન સિનિયર બાળ રોગ નિષ્ણાંત ડૉ. સુશાંત રંજન દ્વારા કરવામાં આવ્યું. તેમણે મહિલાઓ, ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવનારી માતાઓ, શિશુઓ અને બાળકો માટે સંતુલિત આહાર અને પોષણ સંબંધિત જરૂરિયાતો પર વિગતવાર અને સહજ માહિતી શેર કરી. ડૉ. રંજને ગર્ભવતી અને સ્તનપાન કરાવનારી મહિલાઓ માટે યોગ્ય આહાર, જરૂરી ઔષધીય પૂરક આહાર, કેવળ સ્તનપાનના લાભ, સ્તાનપાન છોડાવવાનો યોગ્ય સમય અને પૂરક આહારની ભૂમિકા પર વિશેષ ભાર આપ્યો. તેમણે આ વાત પર ભાર આપ્યો કે સ્વસ્થ ખાણી-પીણીની ટેવોનો વિકાસ, વિશેષરૂપે મહિલાઓ અને બાળકોમાં, ન માત્ર વ્યક્તિગત પરંતુ સમગ્ર પરિવાર અને સમુદાયના સ્વાસ્થ્ય સુધારમાં સહાયક સિદ્ધ થાય છે. આ અવસર પર પ્રસ્તુત પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશનની ઉપસ્થિત જનસમૂહે પ્રશંસા કરી. માહિતીસભર, સચોટ અને દ્રશ્ય સામગ્રી યુક્ત આ સત્ર અત્યંત પ્રભાવશાળી રહ્યું. આ પહેલ પોષણ માહ અને સ્વસ્થ નારી, સ્વસ્થ પરિવાર આયોજનોના ઉદ્દેશ્યોને અનુરૂપ છે, જેનું લક્ષ્ય સમાજમાં પોષણ સંબંધિત જાગૃતિ વધારવાનો અને ઉત્તમ સ્વાસ્થ્ય પરિણામ સુનિશ્ચિત કરવાનું છે. સાથે જ ડિવિઝનલ રેલવે હોસ્પિટલના ઓપીડીમાં બેઝિક લાઈફ સપોર્ટ (BLS) નું પ્રદર્શન કરવામાં આવ્યું. આ સત્ર દરમિયાન તમામ સહભાગીઓને બેઝિક લાઈફ સપોર્ટ, વ્યસ્ક કાર્ડિયોપ્લોનરી સેરેબ્રલ રિસસિટેશન (CPCR), ઑટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર (AED) ની કાર્યપદ્ધતિ અને એક એચતન/બેભાન વ્યક્તિની વિવિધ પરિસ્થિઓમાં શું કરવું જોઈએ – આ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. CPRની વ્યવહારિક પ્રસ્તુતિ માનવ આકૃતિ (મેનિકિન) પર કરવામાં આવી, જેમાં માહિતીસભર અને સહભાગી સત્રમાં ૭૫ થી વધુ લાભાર્થીઓને સંબોધિત કરવામાં આવ્યા.

# ૯૩ દિવસ બાદ જેલમાંથી બહાર આવી કીર્તિ પટેલ, નવા લુક અને અંદાજથી ફોલોઅર્સને આપી સરપ્રાઇઝ

। (માહિતી) સુરત, તા.૨૦ ।

હંમેશાં વિવાદોમાં રહેતી અને સોશિયલ મીડિયા પર જાણીતી કીર્તિ પટેલ ૯૩ દિવસના જેલવાસ બાદ આખરે બહાર આવી છે. સુરતની કોર્ટે તેના જામીન મંજૂર કર્યા પછી, તે એકદમ નવા અંદાજમાં જોવા મળી રહી છે. જેલમાંથી મુક્ત થયા બાદ તરત જ તેણે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક રીલ પોસ્ટ કરી છે, જેણે તેના ફોલોઅર્સનું ધ્યાન ખેંચ્યું છે. રીલની શરૂઆત "કેમ છો મજામાં..?" જેવા કેપ્શનથી થાય છે, જે તેના ચાહકો સાથે ફરીથી કનેક્ટ થવાની તેની ઈચ્છા દર્શાવે છે. આ વીડિયોમાં કીર્તિ પટેલ એક કારમાંથી નીચે ઉતરે છે અને આકર્ષક બ્લેઝર પહેરેલી જોવા મળે છે. તે આળસ ખંખેરતી હોય તેમ બંને હાથ ઉપર કરી રહી છે, જાણે તે લાંબા સમય પછીની સ્વતંત્રતાને માણી રહી હોય. આ રીલમાં કીર્તિનો લુક ખાસ કરીને ચર્ચામાં છે. તે સાઉથ ઈન્ડિયન લુક માં નજર આવી રહી છે, જેમાં તેણે કાળા કલરની લૂંગી અને બ્રાઉન કલરનું બ્લેઝર પહેર્યું છે. ગોગલ્સ પહેરીને અને ઉતારીને તેણે સ્ટાઈલિશ અંદાજમાં પોઝ આપ્યા છે. વીડિયોમાં રસ્તા પર કોઈ ન હોવા છતાં, તે હાથ જોડીને અને હાથ હલાવીને લોકોને અભિવાદન કરતી જોવા મળે છે, જે તેના પરંપરાગત અંદાજને દર્શાવે છે. કીર્તિએ આ રીલ "જંગલની જૂની જોગન ગીરથી આવી સિંહણ" જેવા લોકપ્રિય ગુજરાતી ગીત પર બનાવી છે. આ ગીત તેની મજબૂત અને બિન્દાસ પર્સનાલિટીને દર્શાવે છે. આ રીલ પર તેના ફોલોઅર્સ પણ ઉત્સાહભેર કમેન્ટ કરી રહ્યા છે. એક ફોલોઅરે લખ્યું, "ખરેખર આખું ગુજરાત રાહ જોતું હતું કે ક્યારે કીર્તિબેન બહાર આવે." તેના જવાબમાં કીર્તિ પટેલે લખ્યું, "આજે પૂરી થઈ." આમ, ૯૩ દિવસની જેલ પછી બહાર આવેલી કીર્તિ પટેલે તેના નવા અને આત્મવિશ્વાસુ અંદાજથી ફરી એકવાર સોશિયલ મીડિયા પર પોતાની હાજરી નોંધાવી છે. એક ફોલોઅરે લખ્યું, "ખરેખર આખું ગુજરાત રાહ જોતું હતું કે ક્યારે કીર્તિબેન બહાર આવે." તેના જવાબમાં કીર્તિ પટેલે લખ્યું, "આજે પૂરી થઈ." આમ, ૯૩ દિવસની જેલ પછી બહાર આવેલી કીર્તિ પટેલે તેના નવા અને આત્મવિશ્વાસુ અંદાજથી ફરી એકવાર સોશિયલ મીડિયા પર પોતાની હાજરી નોંધાવી છે.

# રાષ્ટ્રીય પોષણ માહ અભિયાન- ૨૦૨૫ આજરોજ કઠલાલ તાલુકાના લાડવેલ ગ્રામ પંચાયતમાં પોષણમાસ-૨૦૨૫ અંતર્ગત પિતાઓની સહભાગીતા વિશે મીટીગ કરવામાં આવી





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

સંલકિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.) શાખા દ્વારા કઠલાલ તાલુકામાં સી.ડી.પી.ઓશ્રી અલકાબેન રાઠોડ દ્વારા કઠલાલ તાલુકાના લાડવેલ ગ્રામ પંચાયતમાં પોષણમાસ-૨૦૨૫ અંતર્ગત પિતાઓની સહભાગીતા વિશે મીટીગ કરવામાં આવી હતી. બાળકના પોષણ સ્તર, આરોગ્ય સ્તરમાં પિતાઓ દ્વારા કઈ રીતે સાવચેતી તેમજ કાળજી રાખવમાં આવેતો તેમનું પોષણ સ્તર સુધારી શકાય છે. તે માટે જંક ફુડ,ન્યુટ્રીશન ના મહત્વ વિશે સી.ડી.પી.ઓશ્રી અલકાબેન રાઠોડ દ્વારા સમજ આપતી મીટીગ કરવામાં આવીહતી. આ મીટીગમાં તલાટીશ્રી ,સરપંચશ્રી,ગ્રામ પંચાયત VCE તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.

# અમદાવાદની ૧૬ શાળામાં વર્ગ ઘટાડો કરાશે, શનિવારે હીયરિંગની કાર્યવાહી

## શાળાઓને સ્ટાફના લિસ્ટ તથા વિદ્યાર્થીની સંખ્યા સહિતના આધાર-પુરાવા સાથે હાજર રહેવા સૂચના

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૦ ।

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.૯થી ૧૨માં વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી શાળાઓએ વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જણાવાયું હતું. જેના પગલે શહેરની ૧૬ શાળાઓ દ્વારા વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરાઈ હતી. આ દરખાસ્ત મળ્યા બાદ હવે શનિવારના રોજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે વર્ગ ઘટાડા માટેનું હીયરિંગ શરૂ કરવામાં આવશે. જેમાં આ શાળાઓના વર્ગ ઘટાડા અંગેની કાર્યવાહી કરાશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા એક બાજુ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટેની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જ્યારે બીજી બાજુ જે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી શાળાઓમાં વર્ગ ઘટાડો કરવા માટેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. આ માટે શાળાઓ પાસેથી વર્ગ ઘટાડા માટેની દરખાસ્તો મગાવવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવી હતી. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોને પત્ર લખીને વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત કરવા માટે તાકીદ કરી હતી. શાળાઓએ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ અનુસાર વિદ્યાર્થી સંખ્યા જાળવવાની હોય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે. ટીવી, મોબાઈલ નો ઉપયોગ ખોટો નથી.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**કર્ક (ડ,હ) :**

આજે કોઈ ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે, પણ બહારના વિશ્વ તરફ દરવાજા બંધ કરી તમારી જાતને રાજવી રીતે ટ્રીટ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**સિંહ (મ,ટ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે.

**તુલા (ર,ત) :**

આજે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે. તમારે યાદ રાખવાની જરૂર છે કે ઈશ્વર એની જ મદદ કરે છે જે પોતાની મદદ કરે છે.

**મકર (ખ,જ) :**

આજે કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી. તમારે આવું ન કરવું જોઈએ, આ કરવા થી મુશ્કેલી વધુ વધશે ઓછી નહીં થાય. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજથી તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જવયનું શરૂ કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો. તમારી ભાવિ પેઢી તમને હંમેશાં આ ભેટ માટે યાદ રાખશે.



નવી દિલ્હીમાં સાકેતના સિલેક્ટ સિટીવોક ખાતે, વેચાણ શરૂ થતાં જ એક સ્ટોરમાં એપલના નવા લોન્ચ થયેલા iPhone 17 શ્રેણીના સ્માર્ટફોન પ્રદર્શિત કરવામાં આવ્યા છે.




હિમાચલ પ્રદેશના શિમલામાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયા બાદ કાટમાળ અને પથ્થરોથી બંધ થયેલા રસ્તા પર સમારકામ અને પુનઃસ્થાપન કાર્ય ચાલી રહ્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

## ફરીવાર અફઘાનિસ્તાનમાં ઘૂસશે અમેરિકાની સેના!

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકા ફરી એકવાર અફઘાનિસ્તાનમાં પોતાની સેના તૈનાત કરી શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે બગરામ એરબેઝનો ઉલ્લેખ કરતાં આ અંગે જાણકારી આપી હતી. તાલિબાન દ્વારા અફઘાનિસ્તાન પર કબજો મેળવી લેવામાં આવ્યા બાદ અમેરિકા ફરી અફઘાનિસ્તાનમાં પોતાનું સૈન્ય દળ ઉભુ કરવા માગે છે. ટ્રમ્પે યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મર સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે જણાવ્યું હતું કે, અમારૂ વહીવટીતંત્ર કાબુલના બગરામ એરબેઝમાં ફરી કંટ્રોલ મેળવવા કામ કરી રહ્યું છે. અમે તેને તાલિબાનને કંઈપણ લીધા વિના સોંપી દીધુ હતું. હવે અમે પ ાછું લેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ એક બ્રેકિંગ ન્યૂઝ હોઈ શકે. ઉલ્લેખનીય છે, તાલિબાને ૨૦૨૧માં અફઘાન સરકાર ઉથલાવી બગરામ પર કબજો મેળવ્યો હતો. તે સમયે અમેરિકાએ બગરામ એરબેઝમાંથી પોતાનું સૈન્ય દળ પાછું ખેંચ્યું હતું. ટ્રમ્પે આ અંગે માહિતી આપતાં વધુમાં કહ્યું કે, આ સ્થળ (બગરામ એરબેઝ) પાછું મેળવવા પાછળનું કારણ અફઘાનિસ્તાન નહીં,

## દુનિયાની પ્રથમ AI મંત્રીનું સંસદમાં વિસ્ફોટક ભાષણ

। (એજન્સી) આલ્બેનિયા, તા.૨૦ ।

આલ્બેનિયાએ વિશ્વના પ્રથમ એઆઈ મંત્રીની નિમણૂક કરી છે. જેમનું નામ ડાયેલા છે. તે એક રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છે. આલ્બેનિયાની નેશનલ એજન્સી ફોર ઈન્ફોર્મેશન સોસાયટીએ માઈક્રોસોફ્ટના સહયોગથી એઆઈ મંત્રી વિકસિત કર્યા છે. આલ્બેનિયા સરકારની એઆઈ મંત્રી ડાયેલાએ આજે પ્રથમ વખત સંસદને સંબોધી હતી. સંસદને સંબોધિત કરતાં કહ્યું કે, વિપક્ષ મારી નિમણૂકને વારંવાર ગેરબંધારણીય ગણાવી રહ્યા છે. વિપ ક્ષના આ આરોપોથી હું દુઃખી છું. હું માત્ર લોકોની મદદ માટે છું. મારો હેતુ માનવીને રિપ્લેસ કરવાનો નથી. હું કોઈનું પણ સ્થાન લેવા માગતી નથી. અલ્બેનિયમ ભાષામાં ડાયેલાનો અર્થ સૂરજ થાય છે. આલ્બેનિયાની પારંપારિક વેશભૂષામાં મહિલા રૂપે તૈયાર કરવામાં આવ્યા છે. તેનો અવાજ અને ચહેરો આલ્બેનિયાની અભિનેત્રી અનિલા બિશાથી પ્રેરિત છે.

### અફઘાનિસ્તાનની ટીમ સુપર ૪ની રેસમાંથી બહાર

# નુવાન તુષારાએ તોડ્યો લસિથ મલિંગાનો ૯ વર્ષ જૂનો રેકોર્ડ

## નુવાન તુષારાએ અફઘાનિસ્તાનની બેટિંગ લાઇન-અપની કમર તોડી નાખી : ૪ ઓવરમાં ૧૮ રન આપીને ૪ વિકેટ લીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

એશિયા કપ ૨૦૨૫ના ગ્રુપ Bના છેલ્લા લીગ મેચમાં શ્રીલંકાએ અફઘાનિસ્તાનને હરાવી સુપર ૪માં પહોંચ્યું છે. ગુરુવારે અબુ ધાબીના શેખ ઝાયદ સ્ટેડિયમમાં રમાયેલ મેચમાં કુસલ મેન્ડિસની શાનદાર ફિફ્ટીના કારણે શ્રીલંકાએ ૬ વિકેટથી મેચ જીતી લીધી. આ હાર સાથે અફઘાનિસ્તાન એશિયા કપ ૨૦૨૫માંથી બહાર થઈ ગયું છે. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાની ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૬૯ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમે ૧૮.૪ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૭૧ રન બનાવીને લક્ષ્ય પ્રાપ્ત કર્યું હતું.

શ્રીલંકાના રાઈટ હેન્ડ ફાસ્ટ બોલર નુવાન તુષારાએ આ મેચમાં અફઘાનિસ્તાનની બેટિંગ લાઈન-અપ ની કમર તોડી નાખી હતી. ૩૧ વર્ષીય આ બોલરે ૪ ઓવરમાં ૧૮ રન આ પીને ૪ વિકેટ લીધી. નુવાન તુષારાએ ગુરબાઝ, અટલ, જન્નત અને રાશિદ ખાનની વિકેટ લીધી હતી. નુવાન તુષારાએ આ દરમિયાન એશિયા કપ T20માં શ્રીલંકા માટે સવર્શ્રેષ્ઠ બોલિંગનો રેકોર્ડ તોડીને ઈતિહાસ પણ રચ્યો છે. નુવાન તુષારાની પહેલા એશિયા કપ T20 ફોર્મેટમાં શ્રીલંકા માટે સવર્શ્રેષ્ઠ બોલિંગનો રેકોર્ડ લસિથ મલિંગાના નામે હતો.

લસિથ મલિંગાએ ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ મીરપુરમાં UAE સામે રમાયેલ એશિયા કપ T20 ૨૦૧૬ના મેચમાં શ્રીલંકાની ટીમ માટે ૪ ઓવરમાં ૨૬ રન આપીને ૪ વિકેટ લીધી હતી. એશિયા કપ ૨૦૨૨ના T20માં પ્રમોદ મદુશને ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ દુબઈમાં પાકિસ્તાન સામે ૪ ઓવરમાં ૩૪ રન આપીને ૪ વિકેટ લીધી હતી. નુવાન તુષારાએ અફઘાનિસ્તાનની ઈનિંગની ત્રીજી ઓવરના પહેલા બોલે રહેમાનુલ્લાહ ગુરબાઝને આઉટ કરીને પોતાનું ખાતું ખોલ્યું હતું. રહમાનુલ્લાહ ગુરબાઝ આઠ બોલમાં ૧૪ રન બનાવીને કુસલ પરેરાના હાથે કેચ આઉટ થયો હતો. તુષારાએ તે જ ઓવરના છેલ્લા બોલ પર કરીમ જન્નતને આઉટ કર્યો. કરીમ જન્નત ત્રણ બોલમાં ફક્ત એક રન બનાવી શક્યો હતો. મેચની પોતાની ત્રીજી ઓવરમાં નુવાન તુષારાએ સેદિકુલ્લાહ અટલને બોલ્ડ કર્યો. સેદિકુલ્લાહ અટલએ ૧૪ બોલનો સામનો કર્યો અને બે ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૮ રન બનાવ્યા. નુવાન તુષારાએ રાશિદ ખાનને આઉટ કરીને પોતાની વિકેટોની ચાર વિકેટ પૂર્ણ કરી. રાશિદ ૨૪ રન બનાવીને આઉટ થયો હતો. સેદિકુલ્લાહ અટલએ ૧૪ બોલનો સામનો કર્યો અને બે ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૮ રન બનાવ્યા. નુવાન તુષારાએ રાશિદ ખાનને આઉટ કરીને પોતાની વિકેટોની ચાર વિકેટ પૂર્ણ કરી. રાશિદ ૨૪ રન બનાવીને આઉટ થયો હતો.

### સુનિલ ગાવસ્કરે સૂર્યકુમાર યાદવને આપી સલાહ

# હવે બે મેચમાં બુમરાહને આરામ આપો : ગાવસ્કર

## ૨૧ સપ્ટેમ્બરે કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની પ્રથમ સુપર-૪ સ્ટેજ મેચ માટે પણ આરામ આપવો જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારત અને ઓમાન વચ્ચે એશિયા કપ ૨૦૨૫ ગ્રુપ-છ મેચ આજે અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ ભારતીય સમય પ્રમામે રાત્રે ૮:૦૦ વાગ્યે શરૂ થશે. સંયુક્ત આરબ અમીરાત (UAE) અને પાકિસ્તાનને હરાવીને ભારત એશિયા કપ ૨૦૨૫ના સુપર-૪ સ્ટેજ માટે ક્વોલિફાય થઈ ગયું છે. ભારત સુપર-૪ સ્ટેજમાં પોતાની પ હેલી મેચ ૨૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ કટ્ટર હરીફ પાકિસ્તાન સામે રમશે. હવે આ વચ્ચે પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે એક એવું નિવેદન આપ્યું છે, જેનાથી બધા હેરાન રહી ગયા છે. સુનીલ ગાવસ્કરે ભારતીય ટીમ મેનેજમેન્ટને એશિયા કપ ૨૦૨૫ની આગામી બે મેચ માટે સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને આરામ આપવાની અને તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવાની સલાહ આપી છે. ગાવસ્કરે સૂચન કર્યું છે કે, ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને માત્ર ઓમાન સામેની છેલ્લી ગ્રુપ-સ્ટેજ મેચ માટે જ નહીં પરંતુ ૨૧ સપ્ટેમ્બરે કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની પ્રથમ સુપર-૪ સ્ટેજ મેચ માટે પણ આરામ આપવો જોઈએ. સુનીલ ગાવસ્કરે એશિયા કપ ૨૦૨૫ના બ્રોડકાસ્ટર્સ સાથે વાત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

સુનીલ ગાવસ્કરે કહ્યું કે, ઓમાન સામેની મેચ ભારતને પોતાની લાઈનઅપમાં નાના-મોટા ફેરફારો કરવાની તક આપે છે. આનાથી ટીમને બેન્ચ સ્ટ્રેન્થ ચકાસવાની તક મળી શકે છે. સંજુ સેમસન, તિલક વર્મા અને હાર્દિક પંડ્યાને ક્રીઝ પર થોડો કિંમતી સમય વિતાવવાની તક મળી શકે છે. સુનીલ ગાવસ્કરે એમ પણ કહ્યું કે, આરામ આપ વાથી જસપ્રીત બુમરાહ વધુ પડકારજનક સુપર-૪ મેચો માટે ફ્રેશ રહેશે.

સુનીલ ગાવસ્કરે આગળ કહ્યું કે, મારું માનવું છે કે, જસપ્રીત બુમરાહને આરામ આપવો જોઈએ. કદાચ પાકિસ્તાન સામેની મેચમાં પણ તેને આરામ આપવો જોઈએ, જેથી તે શ્રીલંકા સામે થનારી સુપર-૪ની મોટી મેચ માટે ઉપલબ્ધ રહે. ભારતે આના પર જ ધ્યાન આપવું જોઈએ. ચોક્કસપણે બેન્ચ પર બેઠેલા એક ખેલાડીને પણ સામેલ કરવો પડશે, પરંતુ બુમરાહને આરામ આપવા માટે તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવો જોઈએ. જસપ્રીત બુમરાહની જગ્યાએ અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાને તક મળવાની અપેક્ષા છે.

### ગાંગુલી, હરભજન, મોરે કે કોઈ ચોંકાવનારૂ નામ?

# BCCI અધ્યક્ષ પર ૨૦ સપ્ટેમ્બરે થશે નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતીય ક્રિકેટમાં ૨૮ સપ્ટેમ્બર એક મોટો દિવસ સાબિત થઈ શકે છે, જ્યારે BCCI (ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ) પોતાની વાર્ષિક સાધારણ સભામાં નવા પદાધિકારીઓની પસંદગી કરશે. પરંતુ અસલી નિર્ણય તે પહેલા થઈ જવાની આશા છે. સૂત્રો પ્રમાણે ૨૦ સપ્ટેમ્બરની રાત્રે દિલ્હીમાં યોજાનારી મહત્વની બેઠકમાં બીસીસીઆઈની કમાન કોને મળશે, તેનો માર્ગ મોકળો બની જશે.

અધ્યક્ષ તરીકે રોજર બિન્નીનો કાર્યકાળ જુલાઈમાં તેમના ૭૦ વર્ષ પૂરા થવાની સાથે સમાપ્ત થઈ ગયો હતો. બિન્ની ઓક્ટોબર ૨૦૨૨મા બીસીસીઆઈના અધ્યક્ષ બન્યા હતા અને બોર્ડના બંધારણમાં આ પદ માટે ૭૦ વર્ષની ઉંમર નિર્ધારિત છે. દિલ્હીની બેઠકમાં બીસીસીઆઈનું ભવિષ્યનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ વખતે સૌરવ ગાંગુલીનું નામ ચર્ચામાં છે. હરભજન સિંહ અને કર્ણાટકના પૂર્વ ટેસ્ટ ક્રિકેટર રઘુરામ ભટ્ટનો પણ ઉલ્લેખ છે. તો પૂર્વ વિકેટકીપર કિરણ મોરેનું નામ પણ ચર્ચામાં છે. ભલે મોરેનું નામ સત્તાવાર યાદીમાં ન હોય, પરંતુ રાજ્ય સંઘની પ્રતિનિધિ બદલવાની જોગવાઈ આ અટકળને હવા આપે છે. ચૂંટણી અધિકારી એકે જોતીના ૯ સપ્ટેમ્બરના નોટિફિકેશન અનુસાર અંતિમ મતદાર યાદી ૧૯ સપ્ટેમ્બરે જાહેર થશે. એટલે કે રાજ્ય એસોસિએશન ૨૪ કલાકની અંદર પોતાના પ્રતિનિધિઓને એજીએમ માટે બદલી શકે છે.

### કોંગ્રેસ નેતા સામ પિત્રોડાનો વધુ એક બફાટ

# પાકિસ્તાનમાં ઘર જેવો અનુભવ થાય છે

## સામ પિત્રોડાએ આ નિવેદન એવા સમયે આપ્યું, જ્યારે કોંગ્રેસ બિહાર ચૂંટણીમાં પોતાની સત્તા માટે સંઘર્ષ કરી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

બિહાર ચૂંટણી પહેલા, ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના વડા સામ પિત્રોડાએ એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે,પાકિસ્તાન તેમના માટે ઘર જેવું લાગે છે. રાહુલ ગાંધીના નજીકના સાથી સામ પિત્રોડાએ પાકિસ્તાન સાથે વાતચીતની હિમાયત કરી છે. તેમણે કેન્દ્ર સરકારને વિનંતી કરી કે, તે તેની વિદેશ નીતિ મુખ્યત્વે તેના પડોશ પર કેન્દ્રિત કરે. તેમણે કહ્યું કે, પાકિસ્તાન જઈને તેમને ઘર જેવું લાગે છે. હવે ભાજપે પિત્રોડાના નિવેદન પર કોંગ્રેસ પાર્ટીને ઘેરી છે. કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ કહ્યું કે, ‘‘મારા મતે, આપણી વિદેશ નીતિ મુખ્યત્વે આપણા પડોશ પર કેન્દ્રિત હોવી જોઈએ. શું આપણે ખરેખર આપણા પડોશીઓ સાથેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો કરી શકીએ છીએ? હું પાકિસ્તાન ગયો છું, અને હું તમને કહી દઉં કે, મને ત્યાં ઘર જેવું લાગ્યું. હું બાંગ્લાદેશ ગયો છું, હું નેપાળ ગયો છું, અને મને ઘર જેવું લાગ્યું. મને એવું નથી લાગતું કે, હું કોઈ વિદેશી દેશમાં છું. ભારતીય ઓવરસીઝ કોંગ્રેસના વડા સામ પિત્રોડાના પાકિસ્તાન પરના નિવેદન પર ભાજપે તીવ્ર પ્રતિક્રિયા આપી છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કહ્યું કે, ‘‘રાહુલ ગાંધીના પ્રિય અને કોંગ્રેસના વિદેશી વડા, સામ પિ ત્રોડા કહે છે કે, તેમને પાકિસ્તાનમાં ઘર જેવું લાગ્યું. ૨૬/૧૧ પછી પણ UPAએ પાકિસ્તાન સામે કોઈ કડક કાર્યવાહી ન કરી તેમાં કોઈ આશ્ચર્ય નથી. પાકિસ્તાનનો પ્રિય, કોંગ્રેસનો પસંદ કરેલો.’’ સામ પિત્રોડાએ આ નિવેદન એવા સમયે આપ્યું, જ્યારે કોંગ્રેસ બિહાર ચૂંટણીમાં પોતાની સત્તા માટે સંઘર્ષ કરી રહી છે. ભાજપ બિહાર ચૂંટણીમાં આ નિવેદનને મુખ્ય મુદ્દો બનાવી શકે છે. ભાજપ આનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે કરી શકે છે, કારણ કે તેણે અગાઉ અનેક ચૂંટણીઓમાં કોંગ્રેસના નેતાઓના નિવેદનોનો ઉપ યોગ કર્યો છે. સામ પિત્રોડાને રાહુલ ગાંધીના નજીકના સાથી માનવામાં આવે છે. તેઓ ૧૯૮૦ના દાયકામાં રાજીવ ગાંધીના નજીકના ટેક્નોક્રેટ તરીકે ઉભરી આવ્યા હતા. તેઓ લાંબા સમયથી ગાંધી પરિવારના વિશ્વસનીય સલાહકાર રહ્યા છે.

## ડ્રામેબાજ પાકિસ્તાનની સામે થશે કાર્યવાહી! ખુલી ગઈ PCBની પોલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

એશિયા કપમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ની હરકતોથી પરેશાન થઈને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ કડક કાર્યવાહી કરવાની પ્લાનિંગ કરી રહી છે. પાકિસ્તાને એશિયા કપનો બહિષ્કાર કરવાની ધમકી આપી હતી અને ત્યારબાદ એક કલાક મોડી UAE સામેની મેચ શરૂ કરવામાં આવી હતી. ICCએ UAE સામેની મેચ પહેલા થયેલા ડ્રામાની સંપૂર્ણ તપાસ હાથ ધરી છે અને PCBને એક ઈમેઈલ મોકલ્યો છે, જેમાં ચેરમેન મોહસીન નકવી અને તેમના લોકો દ્વારા કરવામાં આવેલી ભૂલોનું પુરું લિસ્ટ છે. જય શાહની અધ્યક્ષતાવાળી ICCએ PCBને આ ઈમેઈલ ૧૭ સપ્ટેમ્બરના રોજ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં પ્લેયર્સ એન્ડ મેચ ઓફિસિયલ્સ એરિયા (PMOA)માં થયેલા ઉલ્લંઘન અંગે મોકલ્યો છે.

### ૪ વર્ષ લિવ ઈનમાં રહ્યા, જોધપુરમાં કર્યા લગ્ન

# ૭૨ વર્ષના બાપુજી ૨૭ વર્ષની લાડીને પરણ્યા

। (એજન્સી) જોધપુર, તા.૨૦ ।

રાજસ્થાનનું જોધપુર ફરી એકવાર વિદેશી મહેમાનોના લગ્નનું સાક્ષી બન્યું છે. આ વખતે અહીં યુક્રેનના નિવાસી એક કપલે ભારતીય પ રંપરાઓથી પ્રેરિત હિન્દુ રીતિ-રિવાજ પ્રમાણે લગ્નના બંધનમાં બંધાયા છે. આ કપલ છેલ્લા ૩-૪ વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં રહી રહ્યું હતું, પરંતુ ભારતીય પરંપરાઓથી પ્રેરિત થઈને તેમણે પરંપરાગત લગ્ન કરવાનું નક્કી કર્યું. વાસ્તવમાં ૭૨ વર્ષીય વરરાજા સ્ટાનિસ્લાવ અને ૨૭ વર્ષીય દુલ્હન અનહેલીના પહેલી વાર ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ ભારતીય રીતિ-રિવાજો અને પરંપરાઓથી એટલા પ્રભાવિત થયા કે તેમણે જયપુર, ઉદયપુર અને જોધપુરમાંથી લગ્ન કરવા માટે સૂર્યનગરી જોધપુરની પસંદગી કરી. આ કપલના લગ્નને કોઓર્ડિનેટ કરનારી કંપનીના પ્રતિનિધિઓ રોહિત અને દીપકે જણાવ્યું કે, દુલ્હન અનહેલીના ભારતીય રીતિ-રિવાજોથી ખૂબ જ પ્રભાવિત છે, તેથી તેણે દરેક પરંપરાનું પાલન કર્યું. બુધવારે જોધપુર પહોંચ્યા પછી લગ્નની વિધિઓ શરૂ થઈ. વરરાજા શાહી પોશાક, પ ાઘડી અને કલગી લઈને ઘોડી પર સવાર થઈને જાન લઈને આવ્યો. શહેરના ખાસ બાગમાં પરંપરાગત રીતે વરરાજાનું તિલક કરવામાં આવ્યું. ત્યારબાદ વરમાળા વિધિ થઈ અને પ છી વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે કપલે સાત ફેરા લઈને લગ્નની વિધિ પૂર્ણ કરી. આ દરમિયાન વરરાજાએ દુલ્હનને મંગળસૂત્ર પહેરાવ્યું અને સિંદૂરથી માંગ પણ ભરી. આ કપલે ભારતીય પ ોશાક પહેરીને લગ્નની તમામ વિધિઓ પૂર્ણ કરી અને સંગીત પર ડાન્સ પણ કર્યો. જોધપુર વિદેશી પ્રવાસીઓ માટે હંમેશાથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. અહીંની સ્થાપત્ય કલા, મેહરાનગઢ કિલ્લો અને રંગીન બજાર મુલાકાતીઓને મોહિત કરે છે. આ જ કારણ છે કે ઘણા વિદેશીઓ અહીં લગ્ન કરવાનું પસંદ કરે છે. આ પહેલા એક્ટ્રેસ પ્રિયંકા ચોપરા અને નિક જોનસે પણ ઉમ્મેદ ભવનમાં લગ્ન કરીને જોધપુરને ચર્ચામાં લાવી દીધુ હતું.

### એક બળાત્કારના કેસમાં કાર્યવાહી કરવામાં આવી

# ભાગેડુ લલીત મોદીના ભાઈની દિલ્હી એરપોર્ટથી અટકાયત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભાગેડુ બિઝનેસમેન લલિત મોદીના ભાઈ સમીર મોદીને ગુરુવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ધરપ કડ કરવામાં આવી હતી. તેની ધરપકડ ૨૦૧૯ના બળાત્કારના કેસમાં કરવામાં આવી છે. જણાવી દઈએ કે, તેમના વિરુદ્ધ દિલ્હી પોલીસે FIR નોંધી હતી. સમીર મોદી વિદેશથી પરત ફરી રહ્યો હતો, ત્યારે જ લુકઆઉટ સર્ક્યુલર (LOC)ના આધારે તેમને અટકાવીને કોર્ટે તેમને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે. દિલ્હી પોલીસે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની પોલીસ સ્ટેશનમાં FIR નોંધી, જેમાં એક મહિલાએ સમીર મોદી વિરુદ્ધ ગંભીર આરોપો લગાવ્યા હતા. મહિલાના જણાવ્યા પ્રમાણે, ૨૦૧૯થી સમીર મોદી તેમને વારંવાર બળાત્કાર, છેતરપિંડી અને ધમકી આપતા રહ્યો છે. FIRમાં વધુ કહેવામાં આવ્યું છે કે, સમીર મોદીએ મહિલાને ફેશન અને લાઈફસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં કારકિર્દીની તકો આપ વાના બહાને નજીક લાવી હતી. ડિસેમ્બર ૨૦૧૯માં તેમના ન્યૂ ફ્રેન્ડ્સ કોલોના ઘરે તેમણે તેમના પર દુષ્કર્મ ગુજાર્યો હતો. મહિલા અનુસાર, જો આ બાબતે કોઈને જાણ કરશે તો, મહિલા અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. સમીર મોદીએ તેમના પાવરનો ઉપ યોગ કરીને ધમકીઓ અને ખોટા વચનો દ્વારા તેમને ચૂપ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ વધુમાં કહ્યું કે, સમીરે તેમને લગ્નના ખોટા વચનો આપીને દુષ્કર્મ, હુમલો અને બ્લેકમેલિંગ કર્યું હતું. આ કેસ IPCની કલમ ૩૭૬ (બળાત્કાર) અને ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ નોંધાયો છે. જેને લઈને પોલીસે વધુ તપાસ માટે આગળની કાર્યવાહી શરૂ કરી છે. ૫૫ વર્ષીય સમીર મોદી, લલિત મોદીના ભાઈ છે અને તેઓ મોદીકેરના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર છે, જે એક ડાયરેક્ટ સેલિંગ કંપની છે. તેઓ મોદી એન્ટરપ્રાઈઝના મેનેજિંગ ડિરેક્ટર પણ છે અને ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદ પર છે.

**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ**

ઈ-ટેન્ડર સૂચના: Sr.DEE/ADI/25(25-26) તા: 18.09.2025

**એટેન્ડન્ટ સાથે લિફ્ટનો વાર્ષિક વ્યાપક જાળવણી કરાર**

ટેન્ડર નંબર EL-50-1-ADI-T-25-2025-26

**કામનું નામ:** મહેસાણા સ્ટેશન બિલ્ડિંગની એક નંબરની લિફ્ટનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર અને ત્રણ વર્ષના સમયગાળા માટે ઓફિસ સમય દરમિયાન ૧ લિફ્ટ એટેન્ડન્ટ.

| | |
|---|---|
| અંદાજિત કિંમત: ₹ 11,40,858.53 | કમાણી : ₹ 22,800/- |

**સબમિશન અને ખુલવાની તારીખ અને સમય:** ૧૪-૧૦-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક અને ૧૪-૧૦-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાક પછી નહીં.

**ઓફિસનું સરનામું અને વેબસાઈટની વિગતો:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫.

વેબસાઈટની વિગતો: www.ireps.gov.in

ADI-167

લાઈક કરો: facebook.com/WesternRly • ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે વડોદરા વિભાગ**

**પુલ નીચે રસ્તાની જોગવાઈ દ્વારા લેવલ ક્રોસિંગ દૂર કરવા**

ઈ-ટેન્ડર સૂચના નંબર

DRM-BRC 124 ઓફ 2025-26

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સીલબંધ ટેન્ડરો પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચેના કામો માટે મંગાવવામાં આવે છે. **કાર્યનું નામ:** આણંદ-ગોધરા વિભાગ:- રોડ અંડર બ્રિજ (LC No.2, 10, 13, 17, 38, 48, 54A, 64) ની જોગવાઈ દ્વારા ૦૮ લેવલ ક્રોસિંગનું નાબૂદી. **કાર્યની અંદાજિત કિંમત (₹ માં):** ૪૧,૯૯,૪૭,૪૬૦.૪૪, **બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે (₹ માં):** ૨૨,૪૯,૭૦૦.૦૦, **ટેન્ડર સબમિટ કરવા અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર ૧૩-૧૦-૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક પહેલા સબમિટ કરવાના છે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ખોલવાના છે. **વેબસાઈટની વિગતો અને સ્થાન માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય છે તે કાર્યાલયનું સરનામું:** વેબસાઈટ @www.ireps.gov.in ડિવિઝનલ રેલ્વે મેનેજર (W A/C), પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૪.

BRC-196

हमें लाइक करें: facebook.com/WesternRly

# રાણપરા નામનો યુવક થાઈલેન્ડમાં નોકરીદાતાઓની ચૂંગાલમાં ફસાયો

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વિદેશમાં ઉજ્જવળ ભવિષ્ય અને સારી કમાણીના સપના જોઈને ગયેલા વડોદરાના એક યુવક સાથે દુઃખદ ઘટના બની છે. શહેરના સમા વિસ્તારમાં રહેતો તુષાર નાગરભાઈ રાણપરા નામનો યુવક થાઈલેન્ડમાં નોકરીદાતાઓની ચૂંગાલમાં ફસાઈ ગયો છે, જ્યાં છેલ્લા પાંચ મહિનાથી તેને પગાર ચૂકવવામાં આવ્યો નથી અને તેનો ફોન પણ છીનવી લેવામાં આવ્યો છે. તુષારે કોઈક રીતે બીજાના ફોનમાંથી તેના પિતાને એક દર્દભર્યો વોઈસ મેસેજ મોકલ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, તુષાર રાણપરા વર્ષ ૨૦૨૪માં વડોદરાના બે એજન્ટો વેદ અને કુશાંગ તેમજ દુબઈ સ્થિત એજન્ટ અભિષેક સિંહ મારફતે નોકરી માટે દુબઈ ગયો હતો.




ત્યાંથી હોંગકોંગ ગયો હતો અને ત્યારબાદ પરિવાર સાથે સંપર્ક તૂટી ગયો હતો. જેના કારણે પરિવારજનો ચિંતાતુર બન્યા હતા. આખરે થોડા દિવસો પહેલા તુષારે તેના પિતા નાગરભાઈને એક અજાણ્યા નંબર પરથી વોઈસ મેસેજ મોકલીને પોતાની આપ વીતી જણાવી હતી. પિતાને મોકલેલા વોઈસ મેસેજમાં તુષારે જણાવ્યું કે, 'હું થાઈલેન્ડમાં છું અને અહીં કંપનીએ છેલ્લા પાંચ મહિનાથી મને પગાર આપ્યો નથી. મારો ફોન પણ લઈ લીધો છે. કોઈએ મને બંધક બનાવ્યો નથી, પ રંતુ પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. તેણે વધુમાં જણાવ્યું કે, 'જેવો મને મારો પગાર મળશે, હું તરત જ ભારત પાછો આવી જઈશ. આ બીજા કોઈનો ફોન છે, એટલે હું તેમાંથી બધી વિગતો ડિલીટ કરી રહ્યો છું. જ્યારે કંપનીવાળા મારો ફોન પાછો આપશે, ત્યારે હું વીડિયો કોલ કરીશ.' આટલું કહીને તેણે પરિવારને ચિંતા ન કરવા જણાવ્યું હતું. પુત્રનો આ વોઈસ મેસેજ સાંભળીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમણે તાત્કાલિક વડોદરા પોલીસનો સંપર્ક કર્યો અને ત્રણેય એજન્ટો - વેદ, કુશાંગ અને અભિષેક સિંહ વિરુદ્ધ અરજી આપીને છેતરપિંડી અને તેમના પુત્રને ફસાવવાનો આરોપ લગાવ્યો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડોદરાના પોલીસ કમિશનરે આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે તુષારના પિતા નાગરભાઈનું નિવેદન નોંધીને એજન્ટોની પૂછપરછ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ એજન્ટોની ભૂમિકા અને સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે. આ ઘટના વિદેશમાં નોકરીની લાલચમાં જતા યુવાનો અને તેમના પરિવારો માટે એક ચેતવણી સમાન છે. કોઈપણ એજન્ટ પર આંધળો વિશ્વાસ કરતા પહેલા તેની સંપૂર્ણ ખરાઈ કરવી અને વિદેશમાં નોકરી આપતી કંપની વિશે ઊંડાણપૂર્વક તપાસ કરવી અત્યંત જરૂરી છે, નહીંતર સપનાઓની દુનિયા એક દુઃસ્વપ્નમાં ફેરવાઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં છેલ્લા ૧૨ કલાકમાં ૫૪ તાલુકામાં મેઘમહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતમાં ચોમાસાની વિદાય સમયે છૂટોછવાયો વરસાદ વરસ્યો થઈ રહ્યો છે. રાજ્યમાં આ વર્ષે ચોમાસાની સિઝનનો કુલ ૧૦૮ ટકા વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદ થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ જિલ્લાના ૩૫ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જ્યારે છેલ્લા ૧૨ કલાકમાં ૫૪ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જુઓ ક્યાં-કેટલો વરસાદ થયો. જ્યારે ગુજરાતના કુલ ૨૦૬ જળાશયોમાંથી ૧૪૫ ડેમ હાઈ એલર્ટ પર છે. જેમાંથી ૧૧૪ ડેમ સંપૂર્ણ ભરાયા છે. ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, આજે શુક્રવારે (૧૯ સપ્ટેમ્બર) સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૫૪ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ ભરૂચના વાગરામાં ૩.૭૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે સુરત સિટીમાં ૧.૮૧ ઈંચ, ભરૂચના ઝઘડિયામાં ૧.૧૪ ઈંચ વરસાદ થયો છે. આ સિવાયના અન્ય ૫૧ તાલુકામાં ૧ ઈંચની અંદરમાં વરસાદ વરસ્યો છે. ગુજરાતના કુલ ૨૦૬ જળાશયોમાંથી ૧૪૫ ડેમ હાઈ એલર્ટ પર છે. જેમાંથી ૧૧૪ ડેમ સંપૂર્ણ ભરાયા છે.

### સાવરકુંડલામાં ધોધમાર વરસાદ, ખેડૂતોમાં છવાઈ ખુશીની લહેર

। (એજન્સી) અમરેલી, તા.૨૦ ।

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે બપોર બાદ મેઘરાજાએ મહેર વરસાવી છે. લાંબા વિરામ બાદ થયેલા આ ધોધમાર વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. આ વરસાદ ખાસ કરીને કપાસ અને મગફળી જેવા પાકો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે. સાવરકુંડલાના મોટા ભમોદરા, શેલના રબારીકા, દેવળીયા, રાજસ્થળી, લાપાળીયા અને મોટા ગોખરવાળા જેવા ગામોમાં એક કલાકથી વધુ સમય સુધી સતત વરસાદ વરસ્યો છે. આ વિસ્તારોના ખેડૂતો જેઓ પાકને બચાવવા માટે ચિંતિત હતા તેમને આ વરસાદથી મોટી રાહત મળી છે. ચોમાસાની સિઝનના અંતમાં થયેલો આ વરસાદ પાકને નવજીવન આપશે. ખાસ કરીને કપાસના પાકને જીવતદાન મળ્યું છે અને મગફળીના પાકને પણ આ વરસાદથી સીધો ફાયદો થશે. ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતોના ચહેરા પર આનંદની લાગણી સ્પષ્ટ દેખાઈ રહી છે.

**અફવાસભર્યા કેપ્શન સાથે પોસ્ટ કરીને લોકોમાં ભય ફેલાવવાનો પ્રયત્ન કર્યો**

## મજા-મસ્તી માટે ઘોઘા-હજીરા રો રો ફેરીનો ફેક વીડિયો વાયરલ કરનાર બે ઝડપાયા

**ઘણા બધા લોકોનો ભોગ લઈ લેશે" જેવા ભ્રામક લખાણ સાથે બે શખ્સોએ વિદેશી ફેરીનો વીડિયો વાયરલ કર્યો હતો**

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતઃ થોડા દિવસ પહેલા ઘોઘા-હજીરા રો-રો ફેરી સર્વિસને બદનામ કરવા માટે "ઘણા બધા લોકોનો ભોગ લઈ લેશે" જેવા ભ્રામક લખાણ સાથે બે શખ્સોએ વિદેશી ફેરીનો વીડિયો વાયરલ કર્યો હતો. જે સુરત સાયબર ક્રાઈમ સેલને ધ્યાને આવતા સોશિયલ મીડિયામાં અફવા ફેલાવનાના આરોપ માં આ બંને શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે અને તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.મળતી માહિતી મુજબ, ઘોઘાથી હજીરા વચ્ચે ચાલી રહેલી રો-રો ફેરી સેવા વર્ષ ૨૦૧૮થી સતત કાર્યરત છે, અને તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.મળતી માહિતી મુજબ, ઘોઘાથી હજીરા વચ્ચે ચાલી રહેલી રો-રો ફેરી સેવા વર્ષ ૨૦૧૮થી સતત કાર્યરત છે, જેના કારણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના હજારો નાગરિકોને મુસાફરીમાં મોટી સહુલિયત મળી રહી છે. આ સર્વિસ ઈન્ડીગો સીવે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત છે. આ કંપનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, કેટલાક અજાણ્યા લોકોએ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના આશયથી ફેક વીડિયો વાયરલ કર્યો છે. આ કંપનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, કેટલાક અજાણ્યા લોકોએ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના આશયથી ફેક વીડિયો વાયરલ કર્યો છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આરોપીઓએ વિદેશી રો-રો ફેરીનો વીડિયો લઈ તેને ઘોઘા-હજીરા ફેરીનો ગણાવી સોશિયલ મીડિયા પર મૂકી દીધો હતો. સાથે જ, "ભાવનગર-સુરત રો-રો ફેરી ટાઈટેનિક બની જશે" જેવા અફવાસભર્યા કેપ્શન સાથે પોસ્ટ કરીને લોકોમાં ભય ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. જે બાબતે સુરત સાયબર ક્રાઈમ સેલને કાર્યવાહી હાથ ધરી છે. સાયબર ક્રાઈમ સેલે ટેકનિકલ એનાલિસિસ દ્વારા બંને આરોપીઓને ઝડપ્યા છે. પોલીસે આપેલી માહિતી મુજબ, પકડાયેલા આ આરોપીઓમાં એકની ઓળખ મહેશભાઈ ભવાનભાઈ પરમાર તરીકે થઈ છે, જે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના અનિદ્રા ગામનો રહેવાસી છે અને ડી.જે. સાઉન્ડનો ધંધો કરે છે. જ્યારે બીજો આરોપી સંદીપભાઈ બેચરભાઈ ઢોળીયા સુરતના નાના વરાછા વિસ્તારમાં રહે છે અને જમીન દલાલ તરીકે કામ કરે છે. સાયબર ક્રાઈમ સેલે ટેકનિકલ એનાલિસિસ દ્વારા બંને આરોપીઓને ઝડપ્યા છે. પોલીસે આપેલી માહિતી મુજબ, પકડાયેલા આ આરોપીઓમાં એકની ઓળખ મહેશભાઈ ભવાનભાઈ પરમાર તરીકે થઈ છે, જે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના અનિદ્રા ગામનો રહેવાસી છે અને ડી.જે. સાઉન્ડનો ધંધો કરે છે. જ્યારે બીજો આરોપી સંદીપભાઈ બેચરભાઈ ઢોળીયા સુરતના નાના વરાછા વિસ્તારમાં રહે છે અને જમીન દલાલ તરીકે કામ કરે છે. આ બંને આરોપ ીઓની પોલીસે પ્રાથમિક પૂછપરછ કરતા જાણવા મળ્યું છે કે, મજા-મસ્તી અને સોશિયલ મીડિયા પર વાયરલ થવા માટે આ બન્નેએ વીડિયો ફેલાવ્યો હતો. ત્યારે સુરત સાયબર ક્રાઈમ સેલે હાલ તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

**વરસાદી વાતાવરણ અને વાવાઝોડા વચ્ચે અચાનક વીજળી ત્રાટકી**

## અંકલેશ્વરમાં ઢોર ચરાવવા ગયેલી મહિલાનું વીજળી પડતા કરુણ મોત નીપજ્યું

**આ મામલાની ગંભીરતા જોતા તુરંત જ પોલીસ અને મામલતદારને જાણ કરવામાં આવી હતી**

। (એજન્સી) ભરૂચ, તા.૨૦ ।

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં એક કરુણ અને દુઃખદ ઘટના સામે આવી છે. જ્યાં વીજળી પડવાથી એક ૪૭ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું છે. આ ઘટના પીલુદ્રા ગામની સીમમાં બની હતી અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી છે. પીલુદ્રા ગામના રહેવાસી વર્ષાબેન જગદીશભાઈ પટેલ ગામની સીમમાં તેમના ઢોર ચરાવવા માટે ગયા હતા. વરસાદી વાતાવરણ અને વાવાઝોડા વચ્ચે અચાનક વીજળી ત્રાટકી હતી. આ આકાશી આફતમાં વર્ષાબેન સીધા વીજળીના સંપર્કમાં આવી ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દુર્ભાગ્યે આ ઘટનામાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. વર્ષાબેનના અકાળ અવસાનથી તેમના પરિવારજનો પર આભ ફાટ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ગ્રામજનો અને પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ મામલાની ગંભીરતા જોતા તુરંત જ પોલીસ અને મામલતદારને જાણ કરવામાં આવી હતી. અંકલેશ્વર પોલીસ અને મામલતદારની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**ગોધરામાં માનવ તસ્કરીનો પર્દાફાશ**

## ગોધરામાં બાળકીનો જન્મ થતા જ તેનો વેચી માર્યાનો આક્ષેપ

। (એજન્સી) પંચમહાલ, તા.૨૦ ।

પંચમહાલના ગોધરામાં માનવ તસ્કરીનો પર્દાફાશ થયો છે. ગોધરામાં દીપ મેટરનીટી અને ચિલ્ડ્રન હોમમાં માનવ તસ્કરીનો મામલો સામે આવ્યો છે. જન્મતાની સાથે જ બાળકીને વેચી દેવાનો આક્ષેપ કરાયો છે. બાળકીને જન્મ આપી માતા ફરાર થઈ ગઈ હતી. બાળકીને ગેરકાયદેસર રીતે દત્તક રાખનાર દંપતી સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત હોસ્પિટલના સ્ટાફ સહિત આઠ લોકો સામે ફરિયાદ દાખલ કરાઈ છે.વડોદરાના સાવલીમાં આ ઘટના અંગે ફરિયાદ નોંધાઈ હતી. ગોધરામાં દીપ મેટરનીટી અને ચિલ્ડ્રન હોમમાં એક બાળકીને જન્મતાની સાથે જ વેચી મારી હોવાનો આક્ષેપ કરાયો છે. બાળકીને જન્મ આપનારી અજાણી મહિલા ફરાર થઈ ગઈ છે. પોલીસે આ મહિલા સામે ફરિયાદ દાખલ કરી છે. તેમજ બાળકીને દત્તક લેનાર દંપતી સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગોધરા પોલીસ આરોપી મિલનને લઈને હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે આરોપી મિલન રાણાને સાથે રાખીને હોસ્પિટલમાં તપાસ શરૂ કરી છે. બાળકીને જન્મ આપનારી અજાણી મહિલા ફરાર થઈ ગઈ છે. પોલીસે આ મહિલા સામે ફરિયાદ દાખલ કરી છે. તેમજ બાળકીને દત્તક લેનાર દંપતી સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગોધરા પોલીસ આરોપી મિલનને લઈને હોસ્પિ ટલ પહોંચી હતી. પોલીસે આરોપી મિલન રાણાને સાથે રાખીને હોસ્પિટલમાં તપાસ શરૂ કરી છે.

## સતત બીજા દિવસે AMC કર્મચારીઓનું વિરોધ પ્રદર્શન, ૧૯ પડતર માંગણીઓને લઈને આંદોલન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના કર્મચારીઓ અને નોકર મંડળ દ્વારા પોતાની ૧૯ પ ડતર માંગણીઓને લઈને સતત બીજા દિવસે વિરોધ પ્રદર્શન ચાલુ રાખવામાં આવ્યું છે. આ કર્મચારીઓનો મુખ્ય આક્ષેપ એ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવા છતાં તેમની માંગણીઓ સ્વીકારવામાં આવતી નથી. આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા છે અને તેમણે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે, જેનાથી શહેરની સેવાઓ પર અસર થવાની શક્યતા છે. AMC નોકર મંડળની મુખ્ય માંગણીઓમાં પગાર વધારો, કાયમી નોકરી, આરોગ્ય વીમા યોજના, અને અન્ય ભથ્થાંનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઘણાં સમયથી ફિક્સ પગાર પર કામ કરતા કર્મચારીઓને કાયમી કરવા અને તેમને નિયમિત કર્મચારીઓ જેટલા લાભો આપવાની પણ માંગ કરવામાં આવી રહી છે. કર્મચારીઓનું કહેવું છે કે મોંઘવારીના આ સમયમાં તેમને પૂરતો પગાર મળતો નથી અને તેથી તેમનું જીવન મુશ્કેલ બન્યું છે. ગતરોજ પણ આ જ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતા આજે પણ આ પ્રદર્શન ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જો આ વિરોધ પ્રદર્શન લાંબું ચાલશે, તો અમદાવાદ શહેરની નાગરિક સેવાઓ જેવી કે સફાઈ, પાણી પુરવઠો, અને અન્ય વહીવટી કામગીરી પર તેની સીધી અસર પડી શકે છે. નોકર મંડળના આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે જો તંત્ર દ્વારા તેમની માંગણીઓ પ્રત્યે ઉદાસીનતા દાખવવામાં આવશે, તો તેઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી શકે છે. આ પરિસ્થિતિ શહેરના નાગરિકો માટે પણ મુશ્કેલી ઊભી કરી શકે છે. તેથી, વહેલી તકે આ મામલાનો ઉકેલ લાવવો જરૂરી છે જેથી બંને પક્ષો માટે અનુકૂળ પરિણામ આવે અને શહેરની સેવાઓ અવરોધાય નહીં.







## ૭૦ હજારની લાંચ માંગનારા GUDAના બે કર્મચારી ઝડપાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી પાસેથી ૭૦ હજારની લાંચ લેતા ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના બે કર્મચારીને એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ની ટીમે રંગે હાથે ઝડપી પાડ્યા છે. ACBએ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (GUDA)ના આઉટ સોર્સ સુપર વાઈઝર અને ક્લાર્કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વેઈટિંગ લિસ્ટમાં રહેલા લાભાર્થી પાસેથી ૭૦ હજારની માંગણી કરી હતી. જેમાં ફાઈલ ઝડપી ક્લિયર કરવા અને મકાનના દસ્તાવેજ સહિતની કામગીરી માટે GUDAના કર્મચારીએ લાંચ માગી હતી. સમગ્ર મામલે ACBને જાણ કરતાં બંને કર્મચારીને ઝડપી પાડવા ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ACB ટ્રેપ ગોઠવીને રોહન પાર્કર અને નયન પરમાર નામના બંને આરોપીને ઝડપી પાડ્યા હતા.

